RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 7 * Issue No. 327* Date: 24.09.2021 Friday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

## પીએમ મોદી ૨૭ સપ્ટેમ્બરે પ્રધાનમંત્રી ડિજિટલ હેલ્થ મિશન ને લોન્ચ કરશે

નવી દિલ્હી ,તા.૨૩

વડાપ્રધાન ડિજિટલ હેલ્થ મિશન હાલ પાયલટ પ્રોજેક્ટ તરીકે ચલાવવામાં આવી રહ્યુ છે. જેના હેઠળ કેન્દ્ર શાસિત પ્રદેશ અંડમાન અને નિકોબાર દ્વીપ સમૂહ, ચંદીગઢ, દાદરા અને નગર હવેલી, દમણ અને દીવ, લદ્દાખ, લક્ષદ્વીપ અને પોંડીચેરીમાં આંકડા એકત્ર કરવામાં આવી રહ્યા છે.વડા પ્રધાન નરેન્દ્ર મોદી આગામી અઠવાડિયે એક મોટી યોજનાની શરૂઆત કરવાના છે. જેમાં દરેક ભારતીયને યુનિક હેલ્થ ઈડ મળશે.

પીએમ મોદી ૨૭ સપ્ટેમ્બરે પ્રધાનમંત્રી ડિજિટલ હેલ્થ મિશન ને લોન્ચ કરશે. સ્વાસ્થ્ય મંત્રી મનસુખ માંડવિયાએ આની જાણકારી આપી છે. યુનિક હેલ્થ આઈડીમાં વ્યક્તિનો પૂરો હેલ્થ રેકોર્ડ હશે. જાણકારી અનુસાર જે યુનિક આઈડી મળશે તે લોકોના આધાર કાર્ડ અને મોબાઈલ નંબરની મદદથી બનશે. PH-DHMનો મુખ્ય ઉદ્દેશ્ય ભારતની સ્વાસ્થ્ય સેવા પ્રણાલી વધારે શ્રેષ્ઠ કરવાનો છે. આને હેલ્થકેરની જરૂરિયાતોનુ વન-સ્ટોપ સોલ્યુશન બનાવવાની તૈયારી છે. આને હેલ્થકેર સર્વિસ આપનારા સંસ્થાનો સુધી પહોંચાડવુ ઘણુ સરળ હશે અને તેની જવાબદારી પણ વધશે. યુનિક હેલ્થ આઈડી એક ૧૪ અંકોને રેન્ડમ રીતે જનરેટ નંબર હશે.

## વડાપ્રધાન મોદીનું વૉશિંગ્ટન પહોંચતા ભવ્ય સ્વાગત કરાયું



નવી દિલ્હી, તા.૨૩

અફઘાનિસ્તાનમાં તાજેતરના વિકાસ, કોરોના સંકટ, રસીકરણ સહિત તમામ મુદ્દાઓ પર ભારતની ભૂમિકા ખૂબ મહત્વની છે, જેની વૈશ્વિક અસર છે. આવી સ્થિતિમાં વિશ્વની નજર પીએમ મોદીની આ મુલાકાત દરમિયાન યોજાનારી તમામ બેઠકો પર છે.પોતાની ત્રણ દિવસની મુલાકાતે પીએમ મોદી અમેરિકી રાષ્ટ્રપતિ જો બિડેન સાથે દ્વિપક્ષીય વાતચીત કરશે. બંને નેતાઓ વચ્ચે આ પ્રથમ મુલાકાત હશે. આ સિવાય પીએમ મોદી અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ કમલા હેરિસને પણ મળવાના છે. પીએમ મોદીએ ક્વાડ દેશોની બેઠકમાં ભાગ લેવાનો છે. ત્યાં, વડા પ્રધાન સંયુક્ત રાષ્ટ્રની સામાન્ય સભાને પણ સંબોધિત કરશે.વડા પ્રધાન નરેન્દ્ર મોદી પોતાના ત્રણ દિવસના પ્રવાસ માટે અમેરિકા પહોંચ્યા છે. ભારતીય સમયાનુસાર ગુરૂવારે સવારે પીએમ મોદી વૉશિંગ્ટન પહોંચ્યા, જ્યાં ભારતીય સમુદાયે પીએમ મોદીનુ જોરદાર સ્વાગત કર્યુ. હવે આજથી જ પીએમ મોદી પોતાની બેઠકમાં જશે. જેમાં પહેલા દિવસે કેટલીક કંપનીના CEO સાથે મુલાકાત પણ થવાની છે. કોરોના સંકટ કાળની વચ્ચે પહેલીવાર પીએમ મોદીની કોઈ મોટી વિદેશ યાત્રા થઈ રહી છે. ગુરૂવારે સવારે લગભગ સાડા ત્રણ વાગે (ભારતીય સમયાનુસાર) જ્યારે પીએમ મોદી વૉશિંગ્ટન પહોંચ્યા ત્યારે ત્યાં ભારતીય સમુદાયે તેમનુ સ્વાગત કર્યુ. પીએમ મોદીએ તમામનો આભાર માન્યો. સાથે જ ટ્વીટર પર તસવીર પણ શેર કરી. આજે વડા પ્રધાનની કેટલીક મહત્વની મુલાકાત છે. આ દરમિયાન તેઓ કેટલીક કંપનીના CEO સાથે મુલાકાત કરશે. આ સિવાય પીએમ મોદી ઓસ્ટ્રેલિયાના વડા પ્રધાન સ્કૉટ મૉરિસન સાથે પણ દ્વિપક્ષીય વાર્તા કરશે.

**ધાબાના લીકેજ કામના સ્પેશ્યાલિસ્ટ**

સ્પેશીયલ ઓફર ૫ થી ૧૦ વર્ષની વોરંટી સાથે, એનાથી ભેજ અને લીકેજનું સંપૂર્ણ નાશ.

**BM MAGIC WATERPROOFING**

9624163945(M)

8690089211(W)

● માર્બલ પેસ્ટ દિવાલ અને સીલીંગને મજબૂત કરવાનું કેમિકલ છે. ● દિવાલ અને સીલીંગને લગાવ્યા બાદ માર્બલ જેવું દેખાય છે. ● માર્બલ પેસ્ટ કરાવ્યા પછી ભેજ આવતો નથી. ● દર વર્ષે કરાવવું પડતું નથી. ૫ થી ૧૦ વર્ષની વોરંટી આપીએ છીએ.

● માર્બલ પેસ્ટ ઘરમાં, ઓફિસમાં તેમ જ દુકાનમાં લગાડી આપવામાં આવશે. ● વરસાદના લીધે થતું ધાબાના લીકેજનું કામ ખાત્રી પૂર્વક કરી આપવામાં આવશે.

કલર કામ પણ ખાત્રી પૂર્વક કરી આપીએ છીએ.

ફક્ત એક જ ફોન કરો અમારો માણસ તમારે ત્યાં આવી જશે.

માર્બલ પેસ્ટ દરેક માર્બલ ડિઝાઈનમાં બનાવી આપીએ છીએ...

### વળતર માટે મૃતકના પરિવારે જિલ્લાની ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓફિસમાં અરજી કરવાની રહેશે

# કોરોનાથી થયેલા મૃત્યુ પર પરિવારને ૫૦ હજાર રૂપિયાનું વળતર

નવી દિલ્હી ,તા.૨૩

ગયા વર્ષે કેન્દ્રએ તમામ રાજ્યોને કોરોનાથી મૃત્યુ પામેલા લોકોને વળતર તરીકે ૪ લાખ રૂપિયા આપવાનું કહ્યું હતું. આ વર્ષે તેવું કરવામાં આવ્યું નથી. તેના જવાબમાં કેન્દ્રએ કહ્યું હતું કે કોરોનાને કારણે રાજ્યોને પહેલેથી જ ઘણો ખર્ચ કરવો પડી રહ્યો છે. તેમના પર વળતરનો બોજ નાખવો યોગ્ય રહેશે નહીં. વળતર માટે મૃતકના પરિવારે જિલ્લાની ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓફિસમાં અરજી કરવાની રહેશે. એની અરજી સાથે કોરોનાને કારણે મૃત્યુનો પુરાવો, એટલે કે મેડિકલ સર્ટિફિકેટ આપવું પડશે. એવું પણ કહેવામાં આવ્યું છે કે કોવિડ-૧૯ મહામારી દરમિયાન કોરોનાને કારણે મૃત્યુના સંદર્ભમાં વળતરની પ્રક્રિયા ચાલુ રાખવામાં આવશે.કોરોના વાઈરસને કારણે મૃત્યુ પામેલા લોકોના પરિવારને વળતર આપવાનો કેન્દ્ર સરકારે મોટો નિર્ણય લીધો છે.

કેન્દ્રએ બુધવારે સુપ્રીમ કોર્ટમાં કહ્યું હતું કે કોરોનાથી થયેલા મૃત્યુ પર પરિવારને રૂ. ૫૦,૦૦૦નું વળતર આપવામાં આવશે. આ માટે કોરોનાથી મૃત્યુનું પ્રમાણપત્ર બતાવવું ફરજિયાત રહેશે. વળતર ઉપરાંત કેન્દ્ર સરકારે કોર્ટને એમ પણ કહ્યું હતું કે કોરોનાને કારણે થયેલા મૃત્યુ અંગેની ફરિયાદોના નિરાકરણ માટે એક સમિતિની પણ રચના કરવામાં આવશે. આ સમિતિ જિલ્લાકક્ષાએ કામ કરશે. એમાં તે લોકો પણ સામેલ છે, જેઓ કોરોનાના રાહત-બચાવ કાર્યમાં સામેલ હતા. સુપ્રીમ કોર્ટે નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી (NDMA)ને જૂનમાં આદેશ આપવામાં આવ્યો હતો કે કોરોનાને કારણે મૃત્યુ પામેલા લોકોના પરિવારને વળતરની ચુકવણી માટે માર્ગદર્શિકા બનાવે. સુપ્રીમ કોર્ટે આ માટે NDMAને ૬ અઠવાડિયાંનો સમય આપ્યો હતો. વળતરની રકમ પણ NDMA દ્વારા જ નક્કી કરવાની હતી. સુપ્રીમ કોર્ટમાં અન્ય એક અરજીમાં એવી માગણી કરવામાં આવી હતી કે કોરોનાથી મૃત્યુ પામેલા લોકોના પરિવારજન પાસે આના કોઈ પુરાવા નથી. તેથી જ મૃત્યુ પ્રમાણપત્રમાં કોરોનાથી મૃત્યુનો સમાવેશ કરવામાં આવે. કોર્ટે આના પર કહ્યું હતું કે કોરોનાથી મૃત્યુ પામેલા લોકોના મૃત્યુ પ્રમાણપત્રમાં મૃત્યુની તારીખ અને કારણ સામેલ હોવાં જોઈએ તેમજ જો પરિવાર સંતુષ્ટ ન હોય તો એનું નિવારણ કરવા માટે અલગ વ્યવસ્થા પણ હોવી જોઈએ. કોર્ટે કેન્દ્ર સરકારને આપેલા નિર્દેશોમાં એમ પણ કહ્યું હતું કે કોરોનાને કારણે થયેલા મૃત્યુના વળતરમાં તે લોકોને પણ સામેલ કરવા જોઈએ, જે લોકો મહામારીથી પીડિત હતા અને આ સમય દરમિયાન તેમણે આત્મહત્યા કરી હતી. NDMA દ્વારા જારી કરવામાં આવેલી સૂચનાઓમાં એવું પણ કહેવામાં આવ્યું છે કે વળતરનું વિતરણ ડિસ્ટ્રિક્ટ ડિઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી (DDMA) મારફત



કરવામાં આવશે. મૃતકના પરિવાર તરફથી અરજી મળ્યાના ૩૦ દિવસની અંદર DDMA એનું સમાધાન કરશે. આધાર લિંક્ડ ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર (DBT) પ્રક્રિયા દ્વારા વળતર આપવામાં આવશે. સુપ્રીમ કોર્ટમાં બે વકીલ ગૌરવ કુમાર બંસલ અને રિપક કંસલ વતી અરજી દાખલ કરવામાં આવી હતી. બંનેએ કહ્યું હતું કે નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટની કલમ ૧૨ હેઠળ આપત્તિમાં મૃત્યુ પામેલા લોકો માટે સરકારી વળતરની જોગવાઈ છે.

## કોવિશિલ્ડને બ્રિટને માન્ય રાખ્યું પરંતુ હજુ અન્ય દેશોની યાદીમાંથી ભારત બાકાત

લંડન , તા.૨૩

યુકેના અધિકારીઓએ આ સાથે સ્પષ્ટ સંકેત આપી દીધો હતો કે બ્રિટનની મુલાકાતે આવનારા ભારતીયોને રસી નહી લીધેલા મુસાફરો માટે લાગુ પડતાં તમામ નિયમોનું પાલન કરવાનું રહેશે, અર્થાત ઈંગ્લેન્ડના આગમન બાદ ભારતીયોને ફરજિયાપણે પોતાની જાતને ૧૦ દિવસ સુધી કોરન્ટાઈન કરી લેવી પડશે.આગામી ૪ ઓક્ટોબરથી અમલમાં આવી રહેલી ટ્રાવેલ એડવાઈઝરી ભારતીય માટે ખુબ જ મૂંઝવણયુક્ત છે જેમાં ફક્ત એમ જ કહેવાયું છે કે બ્રિટન સરકાર દ્વારા જે વેક્સીનને માન્ય રાખવામાં આવી છે તેમાં એસ્ટ્રાઝેનેકા, કોવિશિલ્ડ, એસ્ટ્રાઝેનેકા વેક્સઝેવરિયા અને મોડર્નાની ટાકેડા રસીનો સમાવેશ કરાયો છે.પોતાના દેશ માટે માન્ય વેક્સીનની યોદીમાં કોવિશિલ્ડ અને એસ્ટ્રાઝેનેકાનો સમાવેશ કરવા બ્રિટન સરકારે બુધવારે નવેસરથી ઈન્ટરનેશનલ ટ્રાવેલ એડવાઈઝરી બહાર પાડી હતી, અર્થાત બ્રિટનની મુલાકાતે જનારા ભારતીયોએ જો કોવિશિલ્ડનીવ રસી લીધી હશે તો તે માન્ય રહેશે પરંતુ બ્રિટનના એરપોર્ટ ઉપર ઉતર્યા બાદ ૧૦ દિવસ સુધી કોરન્ટાઈન રહેવાના તેના જૂના નિયમને હજુ પણ યથાવત રાખ્યો હતો,`ટલે કે ભારતીયોએ કોવિશિલ્ડ રસીના બંને ડોઝ લીધા હશે તો પણ તેઓને ૧૦ દિવસ સુધી કોરન્ટાઈનમાં રહેવાના નિયમનું પાલન કરવું પડશે. બ્રિટન સરકારે ભારતીયોએ લીધેલી કોવિશિલ્ડની રસીને માન્યતા આપી દીધી પરંતુ માન્ય વેક્સીનેશનની જે ૧૭ દેશોની યાદી બનાવી છે તેમાંથી હજુ પણ ભારતને બહાર રાખ્યું હતું જેથી બ્રિટનની મુલાકાતે જનારા તમામ ભારતીઓને રસીના બંને ડોઝ લીધા હશે તેમ છતાં તેઓને રસી નહી લીધેલા મુસાફરોને લાગુ પડતા તમામ નિયમોનું પાલન કરવું પડશે. દરમ્યાન બ્રિટનના અધિકારીઓએ સ્પષ્ટતા કરતાં કહ્યું હતું કે અમને કોવિશિલ્ડ રસીની સામે કોઈ વાંધો નથી પરંતુ ભારતમાં રસી લીધાનું જે સર્ટિફિકેટ અપાય છે તેના ઉપર અમને સહેજપમ ભરોસો નથી, તેમ છતાં આ સમસ્યાને કેવી રીતે સર્વાનુમતે ઉકેલી શકાય તે માટે ભારત અને બ્રિટનના અધિકારીઓએ ચર્ચા-વિચારણા શરુ કરી દીધી છે અને અમને આશા છે કે ટૂંક સમયમાં જ આ મુદ્દાનો ઉકેલ આવી જશે. આગામી ૪ ઓક્ટોબરથી અમલમાં આવી રહેલી અને બ્રિટનની સરકાર દ્વારા જાહેર કરાયેલી છેલ્લી ગાઈડલાઈન્સનો ઉલ્લેખ કરતાં બ્રિટિશ અધિકારીઓએ કહ્યું હતું કે લંડનને કોવિશિલ્ડ સામે કોઈ વાંધો-વિરોધ નથી પરંતુ ભારતમાં અપાતા પ્રમાણપત્ર સામે વાંધો છે. બ્રિટિશ હાઈકમિશનના પ્રવક્તાએ કહ્યું હતું કે બ્રિટન આંતરરાષ્ટ્રીય હવાઈ મુસાફરીને ફરીથી ખુલ્લી મૂકલા ઉત્સુક અને આતુર છે, અને લોકો વધુ મુક્તપણે અને સલામત રીતે પ્રવાસ કરી સકે તે દિશામાં સરકારે કરેલી જાહેરાત એ પ્રથમ કદમ બની રહેશે.

## તપાસ માટે બનશે એક્સપર્ટ કમિટી : સીજેઆઈ એન.વી. રમન

નવી દિલ્લી ,તા.૨૩

ઈઝરાયેલની કંપની એનએસઓ ગ્રુપ દ્વારા તૈયાર કરવામાં આવેલ સ્પાઈવેર પેગાસસને લઈને દુનિયાફરમાં હોબાળો મચેલો છે. ઘણા વિદેશી મીડિયાએ પોતાના રિપોર્ટમાં કહ્યુ છે કે ભારત સહિત ઘણા જાણીતા લોકોના ફોનને તેમની જાણ બહાર આ સ્પાઈવેર દ્વારા હેક કરવામાં આવ્યા છે.

પેગાસસ આ બધાની જાસૂસી કરવામાં આવી રહી છે. આ રિપોર્ટ સામે આવ્યા બાદ સંસદમાં પણ વિપક્ષે ઘણો હોબાળો કર્યો હતો અને કેન્દ્ર સરકારને કેસની તપાસ કરાવવાની માંગ કરી હતી. ભારતના મુખ્ય ન્યાયાધીશ એનવી રમને ગુરુવારે કહ્યુ કે સુપ્રીમ કોર્ટ ભારતીય નાગરિકો પર વધતા નિરીક્ષણ માટે ઈઝરાયેલી સ્પાઈવેર પેગાસસના કથિત ઉપયોગની તપાસ માટે એક વિશેષજ્ઞ સમિતિની રચના કરશે. તમને જણાવી દઈએ કે સીજેઆઈ એ બેંચનુ નેતૃત્વ કરી રહ્યા છે જે પેગાસસ કેસમાં તપાસની માંગવાળી દાખલ ઘણા અરજીઓ પર સુનાવણી કરી રહી છે. ન્યાયમૂર્તિ રમને એક કેસની સુનાવણી દરમિયાન વરિષ્ઠ વકીલ સીયુ સિંહને સમિતિને રચનાની માહિતી આપી. સીજેઆઈએ કહ્યુ, 'અન્ય વકીલોને પણ જણાવો કે આપણે આવતા સપ્તાહે પોતાનો આદેશ પાસ કરીશુ.' તમને જણાવી દઈએ કે અદાલતે ૧૩ સપ્ટેમ્બરે આ મામલે પોતાનો આદેશ સુરક્ષિત રાખી લીધો હતો કારણકે કેન્દ્ર સરકારે આ સાર્વજનિક કરવાનો ઈનકાર કરી દીધો હતો કે તેની એજન્સીઓએ ઈઝરાયેલના સૉફ્ટવેરનો ઉપયોગ કર્યો છે.

## શેરબજારનો નવો રેકોર્ડ : સેન્સેક્સ ૯૫૮ અંક વધ્યો

મુંબઈ, તા.૨૩

આ પહેલા અમેરિકાનું શેરબજાર તેજી સાથે બંધ થયું હતું. ડાઉ જોન્સ ૧ ટકા વધી ૩૪૨૫૮ પર બંધ થયું હતું. નેસ્ડેક ૧.૦૨ ટકાના વધારા સાથે ૧૪૮૯૬ અને જીશ્ર ૫૦૦ ૦.૯૫ ટકા ઘટી ૪૪૧૬ પર બંધ થયો હતો.યુએસ ફેડે વ્યાજ દરોને યથાવત રાખવાનો નિર્ણય કર્યો છે. યુએસ ફેડએ કહ્યું છે કે ઈકોનોમિને બુસ્ટ કરવાના જે પણ પગલા ભરવામાં આવી રહ્યાં છે, તે આગળ પણ ચાલુ રહેશે.`જી ફેડે એ સંકેત આપ્યા છે કે આગળ જતા બોન્ડની ખરીદી ઓછી કરવામાં આવશે.ભારતીય શેરબજારોમાં આજે રેકોર્ડ વધારો જોવા મળ્યો હતો. સેન્સેક્સ ૯૫૮ અંક વધી ૫૯૮૮૫ પર બંધ રહ્યો હતો. જ્યારે નિફ્ટી ૨૭૬ અંક વધી ૧૭૮૨૨ પર બંધ રહ્યો હતો. BSE પર લિસ્ટેડ કંપનીઓની કુલ માર્કેટ કેપ ૨૬૦ લાખ કરોડ રૂપિયાની પાર પહોંચી ગઈ છે. સેન્સેક્સ પર બજાજ ફિનસર્વ, લાર્સન, એચડીએફસી, એક્સિસ બેક્ક, SBI સહિતના શેર વધીને બંધ રહ્યાં હતા. બજાજ ફિનસર્વ ૫.૧૫ ટકા વધી ૧૮૫૧૯.૩૫ પર બંધ રહ્યાં હતા. લાર્સન ૩.૪૬ ટકા વધી ૧૭૭૦.૦૦ પર બંધ રહ્યો હતો. જોકે ડો.રેડ્ડી લેબ્સ, ITC, નેસ્લે, HUL, ભારતી એરટેલ સહિતના શેર ઘટીને બંધ રહ્યાં હતા. ડો.રેડ્ડી લેબ્સ ૧.૦૭ ટકા ઘટીને ૪૭૯૬.૦૦ પર બંધ રહ્યો હતો. ITC 0.૪૧ ટકા ઘટી ૨૪૨.૪૦ પર બંધ રહ્યો હતો. મ્જીઈ પર ૨૩૬૫ શેર્સમાં કારોબાર થયો. જેમાંથી ૧૮૭૮ શેર્સ વધારા સાથે અને ૩૯૯ શેર્સ લાલ નિશાનમાં કારોબાર કરતા જોવા મળ્યા.

## એનડીએની પરીક્ષામાં મહિલાઓને નહી બેસવા દેવાની કેન્દ્રની અરજી સુપ્રીમે ફગાવી

નવી દિલ્હી , તા.૨૩

દેશના લશ્કરીદળો ભૂતકાળમાં ગમે તેવી ઈમરજન્સી સ્થિતિને પહોંચી વળ્યા હતા, અને ઈમરજન્સીની સ્થિતિને પહોંચી વળતું તે તેઓની તાલિમનો એક ભાગ છે. અમને સંપૂર્ણ ખાતરી છે કે મહિલા ઉમેદવારો પણ ઈમરજન્સીની સ્થિતિને પહોંચી વળશે તેથી આ તબક્કે અમે અમારો અગાઉનો આદેશ રદી કરી તેમ નથી એમ ન્યાયમૂર્તિ બી. આર. ગવઈને સમાવતી બેન્ચે સરકારને રોકડું પરખાવી દીધું હતું.

મહિલા ઉમેદવારોને નેશનલ ડિફેન્સ એકેડેમી (એનડીએ)ની પ્રવેશ પરીક્ષામાં આ વર્ષે નહીં બેસવા દેવાની કેન્દ્ર સરકારની વિનંતીને સુપ્રીમ કોર્ટે એમ કહેતાં ફગાવી દીધી હતી કે દેશના લશ્કરમાં મહિલાઓના પ્રવેશને એક વર્ષ માટે રોકી શકાય નહીં. કેન્દ્ર સરકારે પોતાની અરજીમાં કોર્ટને એવી વિનંતી કરી હતી કે એનડીએની પ્રવેશ પરીક્ષામાં આ વર્ષથી જ મહિલા ઉમેદવારોને બેસવા દેવાની મંજૂરી આપતા તેના અગાઉના આદેશને પાછો ખેંચી લે. જો કે સુપ્રીમ કોર્ટે પોતાના અગાઉના આદેશને પાછો ખેંચી લેવાનો સ્પષ્ટ ઈક્નાર કરી દીધો હતો. કેન્દ્ર સરકારે પોતાની અરજીમાં કહ્યું હતુ કે ૨૦૨૨ના વર્ષમાં યોજાનારી એનડીએની પ્રવેશ પરીક્ષા માટે મહિલાઓને બેસવા દેવાની મંજૂરી આપતું એક જાહેરનામુ આગામી વર્ષે મે મહિનામાં બહારહ પાડી દેવામાં આવશે. ન્યાયમૂર્તિ એસ.કે કૌલની અધ્યક્ષતાવાળી બેન્ચે કહ્યું હતું કે ઈમરજન્સીની સ્થિતિને પહોંચી વળવા દેશના લશ્કરીદળો શ્રેષ્ઠ તાકાત બન્યા છે તેથી અમે આશા રાખીએ છીએ કે દેશના સંરક્ષણ દળોમાં મહિલાઓના પ્રવેશ માટે સંરક્ષણ મંત્રાલય યુનિયન પબ્લિક સર્વિસ કમિશન (યુપીએસસી)ની સાથે સહયોગમાં રહીને વિના વિલંબે તમામ જરુરી વ્યવસ્થા કરે જેથી કરીને સંરક્ષણ દળોમાં પ્રવેશવાનો મહિલા ઉમેદવારોનો માર્ગ મોકળો બને. અરજદાર કુશ કાલરા દ્વારા કોર્ટમાં હાજર રહેલાં એડવોકેટ ચિન્મય પ્રદીપ શર્માએ કરેલી દલીલોની નોંધ લેતાં બેન્ચે કહ્યું હતું કે સંરક્ષણ દળોમાં મહિલાઓના પ્રવેશને એક વર્ષ જેવા લાંબા સમય સુધી મુલત્વી રાખી શકાય નહીં સરકાર વતી હાજર રહેલા એડિશનલ સોલિસિટર જનરલ ઐશ્વર્યા ભાટીએ કહ્યું હતું કે સંરક્ષણદળોમાં મહિલાઓને સમાવી લેવા સરકાર દ્વારા નિષ્ણાતોની એક કમિટિ બનાવાઈ રહી છે અને આગામી વર્ષથી તેઓને સમાવી લેવાની બાકીની તમામ વ્યવસ્થા પણ થઈ રહી છે. અમે તમારી સમસ્યા સમજીએ છીએ પરંતુ તેનો ઉકેલ લાવવા પણ તમે સંપૂર્ણ સક્ષણ છો તેથી એનડીએની પરીક્ષામાં બેસવા થનગની રહેલી મહિલા ઉમેદવારોની ઈચ્છાઓને ધ્યાનમાં લેતાં અમે તમારી વિનંતી સ્વિકારી શકીએ તેમ નથી એમ બેન્ચે કેન્દ્ર સરકારને સ્પષ્ટ શબ્દોમાં કહી દીધું હતું.

## તંત્રી સ્થાનેથી...

# આતંકવાદી વિચારધારા ખતમ કરવા વિશ્વના દેશો એક થઈ શકશે....?

પાકિસ્તાન એક સમયે તાલિબાનોને મદદ કરી રહ્યું હતું પરંતુ તે બાબત અમેરિકા સમજી શક્યું ન હતું. અફઘાન પર સંપૂર્ણ કબ્જો કરવા તેને ડ્રોન મોકલીને જે ખેલ કર્યો તેના કારણે ભારત સહિતના પડોશી દેશો તેમજ અમેરિકા પણ હેબતાઈ ગયેલા......!ભારતે અનેકવાર અમેરિકાને પાકિસ્તાનની નીતિ-રીતી બાબતે ધ્યાન દોર્યું હતું પરંતુ.... આ તો જગત જમાદાર અમેરિકા એટલે ભારતની ચિંતાને તેને ગણકારી નહીં. આખરે અફઘાનિસ્તાનમા જે પરિણામો આવ્યા અને તેમાં પણ અબજો ડોલરના હથિયારો છોડીને અમેરિકાને ભાગવું પડ્યું તે નાનીસૂની વાત નથી. અમેરિકાની ભારતની વાત કાને ન ધરવાને કારણે વિશ્વના કેટલાક દેશોમાં આતંકાદીઓના ડરના પડઘા પડી રહ્યા છે. બીજીતરફ પાકિસ્તાન અફઘાનિસ્તાનમાં પોતાનો હુકમ નો એક્કો ચાલે તે માટે સતત પ્રયાસ કરી રહ્યું છે... પરંતુ આ બાબતે તેને સફળતા નહીં મળે. ચા કરતાં કિટલી વધુ ગરમ હોય તેવી પરિસ્થિતિ હાલના સમયમાં પાકિસ્તાન અને અફઘાનિસ્તાનમા પ્રવર્તમાન છે. તાલીબાની નેતાઓ પાકિસ્તાની જાસૂસી સંસ્થા આઈએસઆઈ કાબુલ ખાતે વર્ચસ્વ વધારી ન દે તેને માટે તેઓ સતત નજર રાખી રહ્યા છે. કારણ આઈએસઆઈ ઉંદરની જેમ ફૂંકી ફૂંકીને પોતાનુ વર્ચસ્વ ઠોકી બેસાડવા માટે કુખ્યાત છે. પાકિસ્તાનની ભૂમિકાને લઈને તાલીબાનો પાક.થી નારાજ છે તેની પાછળનું કારણ છે તાલિબાની કેટલાક નેતાઓને પાકિસ્તાનની જેલમાં વર્ષો કાઢવા પડયા હતા. જોકે હવે સ્થિતિ તદ્દન બદલાઈ ગઈ છે. તાલીબાની જૂથો પોતાના વર્ચસ્વ સ્થાપિત કરવા બાબતે એકબીજા પર હુમલા કરી રહ્યા છે અને આ કારણે તાલિબાની પીએમ બરાદરને કાબુલ છોડવુ પડ્યું છે કે પછી તેને બંધક બનાવવામાં આવ્યા છે.....!

અફઘાનીસ્તાનમાં તાલીબાનોએ સત્તા હાલ કરી લીધા બાદ હવે ઇસ્લામિક સ્ટેટનો ખતરો વધી ગયો છે. અને તેમાં પણ તેની એક પાંખ કે જૂથ આઈએસ ખોરાસન સૌથી ખતરનાક હુમલાખોર ગણાય છે. બે વર્ષ પહેલા અમેરિકન કમાન્ડોએ આઇએસના સ્થાપક બગદાદીને તેના ઘરમાં ઘૂસીને ખતમ કરી નાખ્યો હતો ત્યારે વિશ્વભરમાં આવી આશા વ્યાપી ગઈ હતી કે હવે આઈએસનો કહેર ખતમ થશે.... પરંતુ આ આશા ઠગારી નીવડી હતી. આઈ એસની જાળ બિછાવવાની એવી કળા છે કે તેને દુનિયાના અનેક યુવાનોને ગેરમાર્ગે દોરીને આઈએસમા ભરતી કરેલ.. તેમાં તેની જાળમાં ઈસ્લામિક દેશો સિવાયના યુરોપ, અમેરિકાના અનેક યુવાનો ફસાઈ ગયા હતા. ભારતના કેટલા યુવાનો પણ આઈએએસમા ભરતી થવા પહોંચી ગયા હતા. આ બધી બાબતોમાં એ બાબત નોંધનિય હતી કે તેના કારણે અનેક દેશોમાં તેના કાળા ઝંડા દેખાવા લાગ્યા હતા. આઈએસને સીરિયા અને ઇરાકમાં ફટકા પડ્યા બાદ તે અફઘાનિસ્તાન અને પાકિસ્તાનમાં ઘુસીને પોતાનું પોત પ્રકાશી રહ્યો છે. તેમાં પણ તેનુ ખોરાસન જૂથ ખતરનાક છે. જેનાથી ભારતને પણ ખતરો છે તો પાકિસ્તાન વડાપ્રધાન ઇમરાન ખાન માટે પણ મોટો ખતરો છે. કારણ તાજેતરમાં ત્યાની મસ્જિદ પર તાલિબાની ઝંડો ફરકાવાયો હતો. જોકે આ એક આતંકવાદની વિચારધારા છે જેને કોઇ પણ સંજોગોમાં દુનિયાના દેશોએ એક થઈને આતંકવાદી વિચારો ખતમ કરવા તમામ પ્રકારના પ્રયાસો શરૂ કરવા જરૂરી છે......!

વંદે માતરમ્

# કેન્દ્ર સરકાર હજુ પણ ઈંધણની કિંમતોમાં જૂનો ચાર્જ જ વસૂલ કરે છે : હરદીપ પુરી




નવી દિલ્લી ,તા.૨૩

કેન્દ્ર સરકાર હજુ પણ ઈંધણની કિંમતોમાં જૂનો ચાર્જ જ વસૂલ કરી રહી છે. પુરીના જણાવ્યા મુજબ કેન્દ્ર સરકાર પેટ્રોલ પર ૩૨ રુપિયા પ્રતિ લિટર ટેક્સ લે છે જયારે ફ્યુઅલની કિંમત આંતરરાષ્ટ્રીય માર્કેટમાં ૧૯ ડૉલર પ્રતિ બેરલ હતી. ત્યારે અમે ૩૨ રૂપિયા પ્રતિ લિટર ચાર્જ લીધો હતો અને આજે પણ અમે એ જ ચાર્જ કરી રહ્યા છે જયારે કિંમત વધીને ૭૫ રૂપિયા પ્રતિ બેરલ થઈ ગઈ છે. દેશભરમાં પેટ્રોલ અને ડીઝલના વધતા ભાવોથી જનતા ત્રસ્ત છે. સહુ કોઈ આ રાહમાં છે કે સરકાર કંઈક તો પગલાં લેશે જેવા કે પેટ્રોલ અને ડીઝલની કિંમતો ઘટવી. પેટ્રોલિયમ મંત્રી હરદીપ સિંહ પુરીએ કહ્યુ છે કે જ્યાં સુધી રાજ્ય સરકારો પેટ્રોલ-ડીઝલને જીએસટીની સીમામાં લાવવા માટે તૈયાર નહિ થાય ત્યાં સુધી કિંમતો ઘટશે નહિ. પીટીઆઈને આપેલા ઈન્ટરવ્યુમાં હરદીપ સિંહ પુરીએ કહ્યુ છે, 'જો તમારો સવાલ છે કે પેટ્રોલની કિંમતો કેમ નથી ઘટી રહી તો તેનો જવાબ છે - કારણકે રાજ્ય આને જીએસટી હેઠળ નથી લાવવા માંગતા.' હરદીપ સિંહ પુરીએ પશ્ચિમ બંગાળ સરકાર પર નિશાન સાધીને કહ્યુ કે મમતા સરકાર ફ્યુઅલ પર ભારે ટેક્સ લગાવી રહ્યા છે. આ જ કારણ છે કે પશ્ચિમ બંગાળમાં પણ પેટ્રોલ-ડીઝલની કિંમતો ૧૦૦ને પાર જઈ ચૂકી છે. તમને જણાવી દઈએ કે કોલકત્તાં પેટ્રોલ ૧૦૧.૬૨ રૂપિયા પ્રતિ લિટર છે. વળી, ડીઝલની કિંમત ૯૧.૭૧ રૂપિયા પ્રતિ લિટર છે. માત્ર બંગાળ જ નહિ પરંતુ આખા દેશના મોટાભાગના રાજ્યોમાં હવે પેટ્રોલ ૧૦૦ રૂપિયા પ્રતિ લિટરને પાર કરી ચૂક્યુ છે.

# વરિષ્ઠ આઈએસઆઈ અધિકારી લાલુ પ્રસાદ યાદવની થૂંકદાની પકડતા હતા : ઉમા ભારતી

ભોપાલ ,તા.૨૩

×બિહારમાં સત્તા પલ્ટી ગઈ હતી, નીતિશ કુમારના શપથગ્રહણ બાદ હું એમપી પરત ફરી ત્યારે બાબુલાલ ગૌર સીએમ હતા, પરંતુ મારા ઘરે જ લગભગ તમામ અધિકારીઓની ભીડ થતી હતી, જેનાથી મને શરમ આવતી હતી. પરંતુ બિહારથી આવતાં જ મને પાર્ટીમાંથી કાઢી મૂકવામાં આવી, બાબુલાલ ગૌર પણ હટી ગયા. ત્યારપછી તો એમપીના કોઈ રેસ્ટ હાઉસમાં રુમ મળવો પણ મુશ્કેલ થઈ ગયો. અધિકારીઓ મારા પડછાયાંથી પણ દૂર ભાગવા લાગ્યાં.× ઉમા ભારતીએ આગળ જણાવ્યું હતું કે, મારા માટે આ અચરજની વાત હતી, કારણકે ત્રિરંગા માટે સીએમની ખુરશી છોડતા જ હું પૂર્વ સીએમ બની ગઈ હતી, પરંતુ પક્ષમાંથી બહાર નીકળતા જ અધિકારીઓની રંગત બદલાઈ ગઈ હતી. તેમણે એવો દાવો પણ કર્યો હતો કે, તેનાથી તેમને કોઈ પરેશાની નહોતી થઈ. કારણકે પબ્લિક અને ઈશ્વરની કૃપા સદાય તેમના પર રહી છે. પોતે બાદશાહ છે, કે પછી ફકીર છે. ×જોકે, આવી વાતો લોકતંત્ર માટે ઘાતક છે કારણકે અધિકારીઓને નિયમથી બંધાયેલા રહેવાનું છે, તથા જે જનતાના વોટથી ચૂંટણી જીતીને સત્તામાં આવ્યા છે, તેમની નીતિઓને અમલમાં મૂકવાની છે. સત્તામાં રહેલા પક્ષના રાજકારણને સાધવામાં કાર્યકર્તા નથી બનવાનું. પરંતુ આ નિર્ણય દેશના, તમામ રાજ્યોના બ્યૂરોક્રેટ્સે કરવાનો છે કે તેઓ એક અધિકારી, કર્મચારી અને જનતાના સેવક છે, કોઈ રાજકીય પક્ષના ઘરઘાટી નોકર નહીં.×એમપીના ભૂતપૂર્વ સીએમ તેમજ ભૂતપૂર્વ કેન્દ્રિય મંત્રી ઉમા ભારતીએ સનદી અધિકારીઓને રાજકારણીઓના ઘરઘાટી ના બનવાની સલાહ આપતા કેટલાક ચોંકાવનારા દાવા કર્યા છે. થોડા દિવસ પહેલા જ ઉમા ભારતીનો એક વિડીયો વાયરલ થયો હતો, જેમાં તેમણે એવું જણાવ્યું હતું કે અધિકારીઓની કોઈ ઔકાત નથી, અને તેઓ રાજકારણીઓના ચપ્પલ પણ ઉપાડે છે. પોતાના આ નિવેદન પર ખેદ વ્યક્ત કર્યાના ગણતરીના સમયમાં જ તેમણે ઉપરાછાપરી કેટલાક ટ્વીટ કર્યા હતા.

# Culture Shifts: Obligations

### Doctors V Society



**Buddhdev Pandya MBE participated on a Panel Discussion on the topic 'Culture Shifts in August 2021: Obligations' based on the article he had submitted to Docplexus. It is a platform with membership over 30,000 medical doctors across the world. The feedback indicated that during the week the article was accessed by over 1261 doctors and able to influence 775 clinical Doctors thought the process.**

**The culture of a society is a perception of the entire way of life of a group of people. It is a lens through which one views the world and is passed on from one generation to the next.**

Culture inherits beliefs and behaviours that significantly impact the way the society is arranging its conduct, in varying degrees at different socio-economic levels. It is versatile enough to change its references with time and experiences.

So, it is important to assume that the society is not an exclusive bunch of people or a group but a collection of people with diverse beliefs and identities, influenced mainly by the social and economic status. It means that the doctors and other frontline healthcare workers are also an inclusive part of society.

The people in the medical fraternity are as important as those responsible for developing policies and shaping the healthcare sector as providers, and their relationship with the users constitutes a kind of cultural bonds, providing a bedrock of sensitivity in the healthcare provisions of the society.

The infrastructure of planning and delivering healthcare has a huge impact on moulding the basic backdrop of expectations. It lays the foundation of what determines the acceptable norms of the obligation response.

It is paramount to recognize the role and impact of the prevailing legal and regulatory guidelines on the service providers and the masses, which as the users of it, are all expected to fit in some form of category obligations.

We tend to look for culprits to blame during the crisis, but it is fair to say that the limits and nature of the obligations perceived by professionals are largely determined by their contractual demands and training culture. The users and the public response are fenced by experiences and trust in the system and people who provide the services.

Some may describe it as social engineering, and it only achieves acceptable responses if the system provides for accountability with an openness that has transparency through the delivery process. The people in the society, as a collective commitment to their relative obligations, and when there is a culture of leadership that is willing to engage and include all the stakeholders, can inculcate a basic model for offering good governance, a culture of mutual trust – Reciprocity.

No matter how big the challenge is, the society responds well to reciprocity with their obligations, provided the culture of governance is seen to be fair and just at the time of crisis. It provokes aspirations to be within the culture of 'leadership', that we all have in our wisdom to offer. ■

Buddhdev Pandya MBE:
Founder and Managing Editor of Swasthya, a medical journal published from the United Kingdom. Founder of 'The Physician' a medical journal. Former Director of British International Doctors Association and Director of British Psychiatrist Association, Former Director and one of the key founder of British Association of Physicians of Indian Origin. Member of commonwealth Journalists Association and New York Academy of Science. Recently confirmed an award of the Fellowship of the Institute of International Organisational Psychological Medicine. Former Head of Policy Unit of Confederation of Indian Organisations (UK). Director of Racial Equality Councils.

*Feedback is welcomed. Copy of the full article available on request*
*Email: Buddhdev.pandya@gmail.com Mobile: +44(0) 777 6291298*

# ઝીનું સોની સાથે મર્જર થતાં દેશનું સૌથી મોટું મનોરંજન નેટવર્ક

મુંબઈ , તા.૨૩

મર્જરના સમાચારના પગલે બુધવારે ઝીનો શેર મંગળવારના બંધ ૨૫૫.૭૦સામે ૨૮૧.૨૫પર ખૂલ્યો હતો અને રુ. ૩૫૫ની ઊંચી સપાટી બનાવીને રુ. ૩૩૬.૮૦પર બંધ આવ્યો હતો. આમ તેણે દિવસ દરમિયાન ૮૧.૧૦ રુપિયાનો એટલે કે ૩૧.૭૨ ટકાનો વધારો નોંધાવ્યો હતો. ઝીનું માર્કેટ કેપ પણ અગાઉના દિવસના ૨૪,૬૫૦ કરોડથી વધીને ૩૨,૩૫૦ કરોડ થઈ ગયું હતું. આમ તેનું માર્કેટકેપ એક જ દિવસમાં આઠ હજાર કરોડ જેટલું વધ્યું હતું.મનોરંજન ક્ષેત્રે અગ્રણી ઝી અને સોની ઈન્ડિયાનું મર્જર થવાના લીધે દેશનું સૌથી મોટું મનોરંજન નેટવર્ક અસ્તિત્વમાં આવ્યું છે. આ મર્જર પછી બનેલી નવી કંપનીમાં સોનીનો હિસ્સો ૫૨.૯૩ ટકા હશે અને ઝીનો હિસ્સો ૪૭.૦૭ ટકા હશે. મર્જર થયેલા એકમના એમડી અને સીઈઓ તરીકે પુનિત ગોયેન્કા જારી રહેશે. મર્જર એકમમાં સોની ઈન્ડિયાના પ્રમોટરો પાસે બોર્ડના બહુમતી ડિરેક્ટરો નીમવાનો અધિકાર રહેશે. નવી કંપનીમાં મોટાભાગના ડિરેક્ટરોની નિમણૂક સોની દ્વારા કરવામાં આવશે. મર્જર સાથે નવા એકમની આવક ૧૩,૬૦૦ કરોડથી વધારે અને કર્મચારીઓની સંખ્યા ચાર હજારથી વધારે થશે. બંને કંપનીઓ વચ્ચે થયેલા કરારના ભાગરુપે ઝીના પ્રમોટર કુટુંબને ઝીમાં તેનો હાલનો ૩.૯૯ ટકા હિસ્સો નવા એકમમાં વધારીને ૨૦ ટકા સુધી પણ લઈ જવા દેવાની છૂટ આપવામાં આવી છે. ઝી અને એસપીએનના ઈક્વિટી મૂલ્યના વર્તમાન અંદાજોના આધારે સાંકેતિક મર્જર રેશિયો ઝીની તરફેણમાં ૬૧.૨૫ ટકા જેટલો છે. નવી કંપનીનું માર્કેટકેપ ૭૦,૦૦૦ કરોડથી પણ વધારે હશે. ઝીનું માર્કેટકેપ બુધવારે ૩૨,૩૫૦ કરોડ હતું. આ મર્જરના પગલે જાપાનીઝ બહુરાષ્ટ્રીય કંપની સોની કોર્પની પેટા કંપની સોની પિક્ચર્સ નેટવર્ક્સ ઈન્ડિયા (સોની) ઝીમાં બહુમતી શેરધારક બની ગઈ છે. આ મર્જરની ખાસિયત એ છે કે એસપીએનના શેરધારક મર્જરના ભાગરુપે વૃદ્ધિ માટે મૂડી ઠાલવશે. આ રકમ ૧.૫૭૫ અબજ ડોલર એટલે કે ૧૧,૬૧૫ કરોડ જેટલી હશે. નવી કંપની પાસે બંનેની થઈને કુલ ૭૫ ટીવી ચેનલો, બે વિડીયો સ્ટ્રીમિંગ સર્વિસિઝ (ઝી ફાઈવ અને સોની લિવ) તેમજ ડિજિટલ કન્ટેન્ટ સ્ટુડિયો (સ્ટુડિયો નેક્સ્ટ) રહેશે. આ કંપની ભારતમાં સ્ટાર અને ડિઝની ઈન્ડિયા કરતાં પણ મોટી મનોરંજન કંપની બની જશે.

# ભારતમાં ઓક્ટોમ્બરથી બાળકોને રસી આપી શકાશે




નવી દિલ્હી , તા.૨૩

કેન્દ્ર સરકારે બાળકોની રસી અંગે હજુ સુધી ભલે કોઇ સત્તાવાર જાહેરાત કરી નથી પરંતુ ભારત સરકારની જ જ ડ્રગ રેગ્યુલેટર એજન્સીએ ગત ૨૦ ઑગસ્ટના દિવનસે જ કેડિલાની આ રસીને ઈમરજન્સી યુઝ માટે લીલી ઝંડી આપી દઈને પરોક્ષ સંકેત આપી દીધો હતો કે ભારતમાં ખુબ ટૂંકા સમયમાં જ ૧૨ વર્ષ કે તેથી વધુ ઉંમરના બાળકો અને કિશોરોને કોવિડની રસીથી સુરક્ષિત કરી શકાશે. આ રસીની વિશેષ ખાસિયત એવી છે કે તે પ્લાઝમીડ ડીએનએ કોરોના વેક્સીન છે. ત્રણ ડોઝની આ વેક્સીનને લગાવવા માટે ઈંજેક્શનની કોઇ જરુર રહેશે નહી. પ્રથમ ડોઝ લીધા બાદ ૨૮ દિવસે બીજો ડોઝ અને ત્યારબાદ ૫૬ દિવસ પછી ત્રીજો ડોઝ લેવાનો રહેશે.ભારતમાં પણ હવે બાલકોને રસી આપવાનું કામ જલ્દીથી શરુ થઇ શકે છે. હવે ભારતમાં એક દિવસમાં કરોડોની સંખ્યામાં રસીનું ઉત્પાદન શરુ થઇ ગયું છે, જેથી રસીની અછત અંગે ભૂતકાળમાં જે પ્રશ્નો સર્જાયા હતા તે હવે દૂર થતા જણાઇ રહ્યા છે. બાળકોની રસીના ઉત્પાદન ઉપર સીી નજર રાખી રહેલાં સૂત્રોએ કહ્યું હતું કે ૧૨ વર્ષ કે તેથી વધુ ઉંમરના બાળકો અને કિશોરો આગામી મહિનેથી એટલે કે ઓક્ટોબરથી કોવિડ-૧૯ની રસી મેળવવાને પાત્ર બની જશે. તેમણે જણાવ્યું હતું કે કેડિલા હેલ્થકેરની ઝાયકોવી-ડી નામની રસી લોન્ચ થયા બાદ બાળકોને ટૂંક સમયમાં રસી આપવાના સંજોગો લઉજળા થતાં દેખાઇ રહ્યા છે. વિશ્વની સૌ પ્રથમ ડીએનએ આધારિત ઝાયકોવી-ડી નામની આ રસીને ગત મહિને જ ભારતીય નિયમનકારી એજન્સી ઈમરજન્સીના સંજોગોમાં ઉપયોગ કરવાની મંજૂરી આપી દીંધી હતી. સૂત્રોએ એમ પણ કહ્યું હતું કે બાલકો માટે રસી તૈયાર કરનાર આ કંપની એક મિહામાં રસીના એક કરોડ ડોઝનું ઉત્પાદન કરવાની ક્ષમતા ધરાવે છે. જો કે કેન્દ્રિય આરોગ્ય મંત્રાલયે બાળકોની રસી અંગે હજુ સુધી કોઇ સત્તાવાર જાહેરાત કરી નથી પરંતુ એક વાત તદ્દન સ્પષ્ટ છે કે ભારતંમાં બાલકો માટે કેડિલાની ઝાયકોવી-ડી સિવાય હાલ અન્ય કોઇ રસી ઉપલબ્ધ નથી.

# આનંદ ગિરિ ૧૪ દિવસની જ્યુડિશિયલ કસ્ટડીમાં

પ્રયાગરાજ , તા.૨૩

આનંદ ગિરિને દેશ વિદેશના પ્રવાસનો પણ ખૂબ જ શોખ છે. લગભગ છ વર્ષ અગાઉ તેઓ ઓસ્ટ્રેલિયા ગયા હતા. ત્યાં હોટલમાં બે મહિલાઓ સાથે છેડછાડ અને મારપીટ કરવાનો તેમના પર આરોપ હતો. ગયા વર્ષે જ આનંદનો એક ફોટો વાયરલ થયો હતો. ફોટામાં તેઓ વિમાનના બિઝનેસ ક્લાસમાં બેઠેલા દેખાયા હતા. તેમની સામેના હોલ્ડર પર દારૂનો ગ્લાસ દેખાઈ રહ્યો હતો. આ ફોટો વાયરલ થયા બાદ મઠ સાથે સંકળાયેલા લોકોએ તેનો વિરોધ કર્યો હતો. ત્યાર બાદ આનંદ ગિરિએ સ્પષ્ટતા કરવી પડી હતી કે એ ગ્લાસમાં સફરજનનો રસ હતો. તેમને બદનામ કરવા આ તસવીરો વાયરલ કરાઈ હતી એવો તેમણે સામો આક્ષેપ કર્યો હતો. આનંદ ગિરિ પર એવા પણ આરોપ લાગ્યા છે કે તેઓ સંત પરંપરાથી વિરુદ્ધ પોતાના પરિવાર સાથે સંબંધ રાખે છે. મંદિરથી સંકળાયેલા લોકો અનુસાર આનંદ ગિરિની રહેણી-કરણી અને વિવાદોને કારણે તેમના ગુરુ સાથે અનેક વાર તેમના મતભેદ થયા હતા.મહંત નરેન્દ્ર ગિરિના મોતના કેસમાં તેમના શિષ્ય મહંત આનંદ ગિરિની મુશ્કેલીઓ સતત વધી રહી છે. ચીફ જ્યુડિશિયલ મેજસ્ટ્રિટ કોર્ટે કેસના આરોપી આનંદ ગિરિ અને આધા તિવારીને આજે ૧૪ દિવસની જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી દીધા છે. પોલીસ હવે પૂછપરછ માટે તેમના રિમાન્ડ લેવા માટે કોર્ટમાં અરજી દાખલ કરી શકે છે. આ અગાઉ આ કેસમાં સીબીઆઇ તપાસની પણ માગ કરવામાં આવી હતી.



કરપાત્રી આશ્રમના પ્રમુખ સંત અભિષેક બ્રહ્મચારીએ મહંત નરેન્દ્ર ગિરિના શંકાસ્પદ સંજોગોમાં મોતના કેસની તપાસ કોર્ટની નજર હેઠળ સીબીઆઇ પાસે કરાવવાની માગ કરી છે. ઉલ્લેખનીય છે કે અખિલ ભારતીય અખાડા પરિષદના અધ્યક્ષ મહંત સ્વામી નરેન્દ્ર ગિરિના મૃતદેહ ગત સોમવારે પ્રયાગરાગ સ્થિત તેમના મઠમાં છત પર લટકતો મળી આવ્યો હતો. મઠની સંપત્તિના વિવાદમાં તેમની હત્યા કરવામાં આવી હોવાની ચર્ચાએ જોર પકડયુ છે. શ્રીમઠ બાઘમ્બરી ગાદીના મહંત અને અખિલ ભારતીય અખાડા પરિષદના અધ્યક્ષ મહંત નરેન્દ્ર ગિરિના પોસ્ટમોર્ટમમાં જાણવા મળ્યું છે કે ફાંસીને કારણે તેમનું મોત થયું હતું. મહંત નરેન્દ્ર ગિરિના મોત પરથી પડજો ઉંચકવા માટે આજે સ્વરુપરાની નહેરૂ હોસ્પિટલના પોસ્ટમોર્ટમ હાઉસમાં તેમના મૃતદેહનું પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું હતું. આ પોસ્ટમોર્ટમ નિષ્પક્ષ રીતે થાય તે માટે પાંચ ડોક્ટરોની પેનલ બનાવવામાં આવી હતી.

સમગ્ર ટીમનું સુપરવિઝન સ્વયં મુખ્ય આરોગ્ય અધિકારી ડો. નાનક સરને કર્યુ હતું. પોસ્ટમોર્ટમ રૂમને પોલીસે ચારે બાજુથી ઘેરી લીધું હતું. પોસ્ટમોર્ટમ માટે પાંચ ડોક્ટરોની પેનલ બનાવવામાં આવી હોય તેવું ઘણા સમય પછી જોવા મળ્યું છે. આ દરમિયાન નિરંજન અખાડાના રવિન્દ્ર પુરીએ જણાવ્યું છે કે ફાંસીમાં માથાની પાછળ ઈજાના ચિહ્નો કેવી રીતે હોઇ શકે? જીભ અને આંખો ચઢી નથી પછી આ ફાંસી કઇ રીતે હોઇ શકે. તેમણે વધુમાં જણાવ્યું છે કે જે સ્યુસાઇડ નોટ મળી આવી છે તે મહંત નરેન્દ્ર ગિરિએ લખી નથી.

આ બાબતની જાણ થવી જોઈએ. એવુ લાગે છે કે કોઇ બીએ પાસ યુવકે આ નોટ લખી છે. અખાડામાં સાત દિવસના શોકની જાહેરાત કરવામાં આવી છે. અખાડા પરિષદના અધ્યક્ષ પદનો નિર્ણય ૧૬ દિવસ પછી લેવામાં આવશે. અખાડા પરિષદના અધ્યક્ષ નરેન્દ્ર ગિરિના મોત પછી તેમના શિષ્ય નરેન્દ્ર ગિરિના મોત બાદ તેમના શિષ્ય મહંત આનંદ ગિરિની લાઈફ સ્ટાઈલ ચર્ચામાં છે. મોંઘી ગાડીઓમાં ફરવું અને કિંમતી મોબાઈલ રાખવા તેમનો શોખ છે. તેમના ભગવા કપડા પણ મોંઘા હોય છે. ઉપરાંત તેઓ ઓસ્ટ્રેલિયામાં મહિલાઓ સાથે છેડછાડ અને વિમાનમાં દારૂ સાથેના ફોટોને કારણે પણ વિવાદમાં રહ્યા છે. આનંદ ગિરિ પ્રયાગરાજમાં સંગમના તટ પર આવેલા હનુમાન મંદિરમાં મહંત નરેન્દ્ર ગિરિના સૌથી વિશ્વનીય હતા. એથી જ લોકો તેમને છોટે મહારાજ કહેતા હતા. આનંદ ગિરિને લક્ઝરી કારોનો શોખ છે. પ્રયાગરાજમાં તેમની નજીકના સુત્રોના જણાવ્યા મુજબ હોંડા સિટી તેમની માનીતી કાર છે. પણ મહા મહિનાના મેળામાં તેઓ અવારનવાર બુલેટ પર સવાર થયેલા દેખાતા હતા. ત્યારે પણ તેમના હાથોમાં એપલના બે મોંઘા મોબાઈલ રહેતા હતા.

ન્યૂઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ. આયોજક : પ્રદીપ રાવલ




ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ ની છ રચનાઓ

વિષય :." ગણેશોત્સવ,ગણેશજી નું શાસ્ત્રોક્ત મહત્વ વિષયક રચનાઓ(૨૪-૯-૨૦૨૧)દિવસ - ૩

Jan fariyad & News of Gandhinagar daily
તંત્રી/સંચાલક : પ્રદીપ રાવલ
મેનેજિંગ તંત્રી : મીનાક્ષી રાવલ(ઈમેજ મેકર,ગ્રાફિક્સ)
પ્રતિભાવ : વિભૂતિબેન દેસાઈ.ઘાસવાલા.બીલીમોરા
website : www.janfariyadnews.com
What's up calling No : 9824653073
Email : prdpraval42@gmail.com
Email : prdpraval@yahoo.co.uk
YouTube : janfariyadnews
News portal : janfariyadnews
Twitter : @prdpraval

---

## NOG. SS. NO. 0095

વિષય :-- ગણેશ ઉત્સવ
પ્રકાર :-- ગદ્ય
શીર્ષક :-- " ગણેશ નું અવતરણ "

ઉર્જા એ પુજા વિધિ પતાવી દીધી .દર વર્ષ ની જેમ આ વર્ષે પણ ધામધૂમથી ઘરે ગણપતિની સ્થાપના કરી હતી .છેલ્લા ચોદ વર્ષોથી ગણપતિની સ્થાપના અને પુજા અર્ચના ભક્તિ ભાવથી કરતી રહી હતી. આરતી પૂરી થઈ બધા પ્રસાદી લઈ જતાં રહ્યાં. ઉર્જા આજે ખુશ પણ હતી અને મનમાં એક ગડમથલ પણ હતી .એક જ વિચાર સતાવતો હતો , કેટકેટલાં કષ્ટ આવ્યા ! કેવી વિકટ પરિસ્થિતિ કે શું કરવું ક્યાં જવું ? કાંઇજ સૂઝે નહીં ! ને એવે સમયે પણ શ્રદ્ધાથી ગણપતિની સ્થાપના કરતી રહી અને દરેક વિકટ પરિસ્થિતિમાં પણ મને બાપ્પા એ સંભાળી લીધી હતી. ના કહેવાય ના સહેવાય એવી હાલતમાં પણ ગણેશજી મારી સાથે જ રહ્યા છે. બાપ્પા આજે મને તમે જે જગ્યાએ પહોંચાડીને સમાજમાં ઊંચું સ્થાન અપાવ્યું છે એની માટે હું આપની ખૂબ ખૂબ આભારી છું .સદાય આમજ મારી અને મારા પરિવારની સાથે જ રહેજો ! આંખોમાં આંસુ સાથે વિનંતી કરતી ઉર્જાનો ખભો ઢંઢોળીને શૌર્ય બોલ્યો ,

" દાદી મને ગણપતિની વાર્તા કહોને !" અને આંસુ લૂછતાં જ ઉર્જા એ વાત શરૂ કરી.

બેટા ગણપતિની મૂર્તિ એમની માતા પાર્વતીએ ન્હાવા જતાં પહેલાં પોતાના શરીરનાં મેલમાથી બનાવી હતી. ગણેશ બહાર ચોકી કરતાં હતાં અને મહાદેવ આવ્યા .ગણેશે એમને રોક્યા .અંદર જવા ના દીધાં એટલે ગુસ્સામાં ગણેશનું શીશ કાપી નાખ્યું. પાર્વતીએ વિલાપ કર્યો એટલે મહાદેવે હાથીના બચ્ચાં નું શીશ કાપીને ગણેશનાં શરીર પર લગાવી દીધું ને ગણેશ ને સજીવન કર્યા .આ દિવસ ભાદરવી ચતુર્થી નો હતો .એટલે આ દિવસ ગણેશ ચતુર્થી તરીકે ઊજવાય છે.

દેવી દેવતાઓ પણ ગણેશજીની પુજા કરીને જ શુભકાર્ય કરે છે .એકવાર જ્યારે મહાદેવ ત્રિપુરાસુરનો વધ કરવા ગયા ત્યારે સફળ ના થયા .એમને યાદ આવ્યું કે ગણેશની પુજા કર્યા વગર આ કાર્ય કર્યું એટલે સફળતા નથી મળી .પછી એમણે પ્રથમ ગણેશ પુજા કરી પછી એમને લાડુનો પ્રસાદ ધર્યો .પછી જ ત્રિપુરાસુરનો વધ કરી શક્યા.

ગણેશજી વિઘ્નહર્તા છે એટલે હંમેશાં સૌ પ્રથમ એમની પુજા કરીને જ કોઈપણ શુભ કાર્ય ની શરૂઆત કરવી જોઈએ.

બોલો ગણપતિ બાપા મોરિયા ,
મંગલમૂર્તિ મોરિયા.....

દીપિકા ચાવડા " તાપસી " .

---

## NOG SS No : 0025

પ્રકારઃ પદ્ય(ધૂન)
શીર્ષકઃ પ્રેમે પધારો ગણપતિ

પ્રેમેથી ગણપતિ દેવ પધારો,મેં આંગણિયાં અજવાળ્યાં છે,
આસોપાલવનાં પર્ણ તણાં મેં તોરણિયા બંધાવ્યા છે..(૧)
કુમકુમ-કેસર ઘોળી મેં રંગે સાથિયાઓ પૂરાવ્યાં છે,
અધિક સુગંધી ફૂલડેથી મેં રસ્તાઓ મહકાવ્યાં..(૨)
બધાયે બાજોઠે મખમલ કેરાં કપડાંઓ બિછાવ્યાં છે,
અંતરનાં ઓરડે ભાવતણાં મેં દિવલડાં પ્રગટાવ્યાં છે..(૩)
રિદ્ધિ-સિદ્ધિનાં સ્વામી રૂપાળાં,?મેં વસ્ત્રો નવલાં સજાવ્યાં છે,
મેં હેમ-રૂપાનાં હેત કરી,આજ આભૂષણો ઘડાવ્યાં છે..(૪)
દેવ દીલડાંથી મેં તવ કાજે,આ મોદક ભાવે બનાવ્યાં છે,
આવોને જમવાં પ્રીત થકી, બહું પ્રેમથી તમને ધરાવ્યાં છે..(૫)
ઝટ-ઝટ આવો હે દેવ દુંદાળા,ભક્તોએ બોલાવ્યાં છે,
આવીને દર્શન દાન દીયો,તવ શરણે શીશ ઝુકાવ્યાં છે..(૬)

કવિ'સુજ્ઞ'–
ભૂમિત પિઠડિયા(દરજી),માંડવી કચ્છ

---

## NOG:SS:NO:0101

વિધાનઃ ગણેશોત્સવ, વિધાનમાં ગણેશજીનું મહત્વ.
પ્રકારઃ ગદ્ય
શીર્ષકઃ ગણેશજીનાં વિવિધ પાસાઓ
લેખન : ભરત સાંગાણી

રાષ્ટ્રીય એકતા અને ગણેશ ઉત્સવ
આઝાદી પહેલાં રાષ્ટ્રને સંગઠિત કરવાનું પાયાનું કામ ગણેશ મહોત્સવ દ્વારા કરવામાં આવ્યું. પેશ્વાએ ગણેશોત્સવની શરૂઆત કરી. પૂનામાં કસ્બા ગણપતિ નામથી પ્રસિદ્ધ ગણપતિની સ્થાપના શિવાજી મહારાજની માતા જીજાબાઈએ કરી. લોકમાન્ય તિલકે ગણેશ ઉત્સવને એક નવું જ સ્વરૂપ આપ્યું જેનાથી ગણેશ રાષ્ટ્રીય એકતાનું પ્રતીક બની ગયા. લોકમાન્યએ તેને સાર્વજનિક મહોત્સવ બનાવતાં તે રાષ્ટ્રીય એકતા નું માધ્યમ બની ગયો. તેમણે ૧૮૯૩માં ગણેશ ઉત્સવને સાર્વજનિક બનાવવાનાં બીજ રોપ્યા.

ગણેશ અને ફૂલ
પદ્મ પુરાણમાં લખ્યું છે કે ગણેશજીની તુલસી વડે ક્યારેય પૂજા ન કરવી. ભગવાન ગણેશને જાસૂદનું લાલ ફૂલ ખાસ પ્રિય હોઈ છે. ચમેલી, પારિજાત ફૂલની માળા પહેરાવામાં આવે છે

ગણેશજીની મહતા
કોઈપણ શુભ કાર્ય શરૂ કરતાં પહેલાં ગણેશજીની પૂજા થાય છે. તેનાથી કાર્યમાં કોઈ વિઘ્ન આવતું નથી.
ગણેશે બ્રહ્માંડમાં માતા પિતાને સૌથી ઊંચું સ્થાન આપ્યું છે. તેથી તેમણે માતા પિતાની પ્રદક્ષિણા કરી. તે જ સર્વસ્વ છે, તેમ દર્શાવ્યું.

ગણેશજીનો સંસાર
ગણેશની રિદ્ધિ અને સિદ્ધિ નામની બે પત્નીઓ છે , જે પ્રજાપતિ વિશ્વકર્માની પુત્રીઓ છે. સિદ્ધિ ના 'ક્ષેમ' અને રિદ્ધિના 'લાભ' નામના બે પુત્ર હતા. લોક પરંપરામાં આને 'શુભ લાભ' કહેવામાં આવે છે. ગણેશજીના પૌત્રો આમોદ અને પ્રમોદ છે.

ગણેશજીનું સ્વરૂપ ગૂઢ અર્થ દર્શાવે છે .
ગણેશજીનું મોટું માથું આપણને સંદેશ આપે છે કે મોટું મન રાખીને મોટા વિચાર કરીએ, વધારે જ્ઞાન મેળવીએ.
ગણેશજીની આંખો નાની નાની છે તે કહે છે દરેક વસ્તુનું નિરીક્ષણ ઝીણવટથી કરવું .
મોટા સુપડાં જેવા કાન સંદેશ આપે છે કે વધુમાં વધુ સાંભળો, ને નાનું મોટું કહે છે જરૂર પૂરતું જ બોલો. વધુ સાંભળો ઓછું બોલો.
મોટું પેટ દર્શાવે છે કે જીવનની સારી ખરાબ દરેક પરિસ્થિતિને એકદમ સારી રીતે પચાવી જાણવી.
મોટું શરીર ને નાનકડો ઉંદર તેમનું વાહન અજીબ લાગે પણ તે પાછળ તર્ક છે. ઉંદર ઈચ્છાનું પ્રતિક છે . બેકાબુ ઈચ્છા અશાંતિ સર્જે, ઈચ્છા પર સવારી કરી તેના પર કાબુ મેળવો.
હાથની આશિર્વાદ મુદ્રા આશીર્વાદ અને સુરક્ષા આપે છે. હાથનું દોરડું લક્ષ્યને તમારી તરફ ખેંચવાનું પ્રતીક છે. એક દાંત સારું રાખવું ને ખરાબને ફેંકવાનો નિર્દેશ કરે છે.
સૂંઢ ઊંચી કાર્યક્ષમતા અને કુનેહ , દરેક સ્થિતિને સૂંઘવાની આવડત ને નિર્દેશ કરે છે.
આ રિતે જીવન જીવવાથી મોદક રૂપી સિદ્ધિનો પ્રસાદ મળે છે.
ગણેશ ચતુર્થીના આ અવસર પર આપ સૌને શુભેચ્છા વ્યક્ત કરું છું કે ભગવાન ગણપતિ તમારા ઘરમાં સુખ,સમૃદ્ધિ અને શાંતિ લાવે.

-ભરત સાંગાણી.

---

## NOG SS NO.0081

વિષય : ગણેશજી...
પ્રકાર : ગદ્ય
શબ્દો : ૨૬૭
શીર્ષક : ગણેશજીનું જીવન

ગણેશજી સાથે જોડાયેલી અનેક કથાઓ, દંતકથાઓ વિશે વાંચીએ ત્યારે તર્ક સાથે વાંચીએ તો એને ધર્મ સાથે પૂર્વજોએ કેમ જોડી એ સમજાય અને એ વિશે માન ઉપજે.

દુર્વા વિશે આપણે સૌ જાણીએ જ છીએ પણ ગણેશજીનાં ૧૦૮ નામમાં પણ એનો ઉલ્લેખ થાય છે !આ દુર્વાનાં અનેક ઔષધીય ગુણો છે.એ દુર્વા ગણેશજી માટે ઔષધ તરીકે વપરાઈ હતી જ્યારે એમણે દેવોને ત્રાસમાંથી મુક્ત કરવા અનલાસુર નામનાં રાક્ષસને ગળી લીધો હતો. અનલ એટલે અગ્નિ, તેથી ગણેશજીનાં પેટમાં સખત અગન બળવા લાગી જે દુર્વાથી શમી.આમ પ્રકૃતિમાં જ ઉપાય શોધવાનું શાસ્ત્રોમાં સૂચવાયું છે.

શિવજીનાં ધ્યાનમાં ભંગ ન થાય તેથી ગણેશજીએ , વિષ્ણુનાં અવતાર પરશુરામને રોક્યાં.ક્રોધિત પરશુરામની પરશુના ઘા ને તેમણે એક દાંત પર ઝીલ્યો તેથી તેમનો એક દાંત તૂટી ગયો જે એમને એક પિતૃવત્સલ પુત્ર તરીકે ઓળખ આપી ,એકદંત તરીકે. તેઓ ધારત તો વળતો ઘા કરી શક્યા હોત પણ પરશુરામને એ પરશુ શિવજીએ જ આપી હતી તેથી તેનો ઘા વ્યર્થ ન જવો જોઈએ તેથી દાંત ગુમાવ્યો.

આ વાત એક પુત્રનાં લક્ષણ , ધર્મપરાયણતા દર્શાવે છે.આ વાતને પુષ્ટિ આપતી એક ૧૦-૧૨મી સદીની લગભગ
છ ફૂટ ઊંચી પથ્થરની મૂર્તિ હાલનાં છત્તીસગઢના દંતેવાડામાં છે જે ૩૦૦૦ ફૂટની ઊંચાઈએ છે. અહીં એવી દૃઢ માન્યતા છે કે ગણેશજીનું યુદ્ધ આ પહાડ પર થયું હતું.

આ શ્રદ્ધાનો વિષય છે એ ખરું પણ આવી જુદાં જુદાં દેવ સાથે જોડાયેલી, વિવિધ કથાઓ ક્યા ધર્મ કે દેશમાં જોવા મળે ? એમાં ય ગણેશજી તો આંતરરાષ્ટ્રીય ભગવાન છે જે શ્રીલંકા, ઈન્ડોનેશિયા, કંબોડિયા જેવાં દેશની
સંસ્કૃતિમાં છે તો અમેરિકા, યુરોપમાં પણ એને માન અપાય છે.જાપાન ,ચીન જેવાં એશિયાઈ દેશોમાં પણ ગણેશજી પૂજાય છે.જૈન અને બુધ્ધ ધર્મમાં પણ આ દુંદાળા દેવની હાજરી છે.રિદ્ધિસિદ્ધિના દાતા આપણને એમનાં જેવાં પિતૃવત્સલ અને બુદ્ધિવાન બનાવે એ જ અભ્યર્થના!

માયા દેસાઈ ,મુંબઈ ભારત.

---

## NOG SS No/0044

વિષયઃ- ગણેશોત્સવ, ગણેશજી નું
પ્રકારઃ- પદ્ય
શીર્ષકઃ- અમારાં દ્વારે.

રૂમઝૂમ કરતાં આવો ગણેશજી આજ અમારાં દ્વારે.
આસોપાલવનાં તોરણ બંધાવ્યાં આજ અમારાં દ્વારે.
રૂડાં બાજઠ શણગાર્યાં આસન કાજે.
રૂમઝૂમ કરતાં આવો ગણેશજી આજ અમારાં દ્વારે.
દરોઈનો તો હાર બનાવ્યો પ્રેમે પહેરાવું.
રૂમઝૂમ કરતાં આવો ગણેશજી આજ અમારાં દ્વારે.
મોદકનો તો પ્રસાદ બનાવ્યો પ્રેમે આરોગો.
રૂમઝૂમ કરતાં આવો ગણેશજી આજ અમારાં દ્વારે.
ભાવે કરું હું ભક્તિ તમારી આશિષ રૂડાં આપજો.
રૂમઝૂમ કરતાં આવો ગણેશજી આજ અમારાં દ્વારે.
ગૌરી નંદન અરજ સુણી વહેલાં રે પધારજો.
રૂમઝૂમ કરતાં આવો ગણેશજી આજ અમારાં દ્વારે.
દર્શન દઇને ધન્ય કરો અમ સૌનું જીવન.
રૂમઝૂમ કરતાં આવો ગણેશજી આજ અમારાં દ્વારે.,આજ અમારાં દ્વારે.

વિભૂતિ દેસાઈ ઘાસવાલા બિલીમોરા.

---

## NOG SS NO. -0036

વિષયઃ- ગણેશોત્સવ
પ્રકાર - પદ્ય
શીર્ષક -ગણેશવંદના

ગણેશવંદના
પ્રથમ પહેલાં પવિત્ર પૂજા તમારી,
ૐ ભક્તવિઘ્ન વિનાશનાય નમઃ
વિશ્વ વિનાયક વહાલાં વિધાતા,
ૐ વંદન કરીએ વક્રતુંડાય નમઃ
મનભાવન, મનમોહક મંગલમૂર્તિ
ૐ બુદ્ધિપ્રિયાય એકદંતાય નમઃ
ગણનાયક,ગુણ જ્ઞાનવિધાતા,
ૐ ગજાનન ગૌરીતનુજાય નમઃ
સકલમંગલ,સદા સંકટમોચન,
ૐ સુખદાતા,સિદ્ધિપ્રદાકાય નમઃ

અરૂણા ત્રિવેદી, અમદાવાદ

# મોપલા રમખાણો : હિંદુ નરસંહારના ૧૦૦ વર્ષો !આ વિષય પર 'ઓનલાઈન વિશેષ સંવાદ !




'૧૯૨૧માં થયેલા મોપલા રમખાણોની પાર્શ્વભૂમિ પ્રથમ મહાયુદ્ધથી જ છે. આ રમખાણોમાં સરકારી કર્મચારીઓ, પોલીસ અને તાત્કાલીન બ્રિટીશ સૈનિકો પર આક્રમણો કરવામાં આવ્યાં અને હિંદુઓનો મોટાપાયે નરસંહાર કરવામાં આવ્યો. આ રમખાણો લગભગ છ મહિના ચાલ્યા. જેહાદીઓએ આ અમારી ચળવળ છે એમ કહીને આ અમારો વિજય હતો, એવું જાહેર કર્યું; પણ આ ચળવળ નહોતી, પરંતુ તે 'હિંદુઓનો નરસંહાર' જ હતો. મોહનદાસ ગાંધીએ 'મોપલા રમખાણોમાં મુસલમાનોએ હિંદુઓ પર અત્યાચાર કર્યા; પણ 'હિંદુ-મુસલમાન એકતા માટે' હિંદુઓએ સદર અત્યાચારો સહન કરવા જોઈએ', આના જેવા અનેક ધક્કાદાયક વક્તવ્યો કર્યા. મોપલા રમખાણો આ 'જેહાદ'નો જ એક ભાગ હતો, એટલું જ નહીં પણ રમખાણકારોએ પણ આ 'જેહાદ' હોવાનું માન્ય કર્યું હતું', એવું પ્રતિપાદન ઉચ્ચ અને સર્વોચ્ચ ન્યાયાલયના ધારાશાસ્ત્રી કૃષ્ણ રાજે કર્યું. તેઓ હિંદુ જનજાગૃતિ સમિતિ વતી આયોજિત 'મોપલા રમખાણો : હિંદુ નરસંહારના ૧૦૦ વર્ષો !' આ 'ઓનલાઈન' વિશેષ સંવાદમાં બોલી રહ્યા હતા.

'ધ ધર્મ ડિસ્પેચ'ના સંસ્થાપક-સંપાદક અને લેખક શ્રી. સંદીપ બાળકૃષ્ણએ આ સમયે કહ્યું કે, ખિલાફત ચળવળના નામ હેઠળ અલી બંધુઓએ બ્રિટિશરોના વિરોધમાં 'જેહાદ' પોકારીને મુસલમાનોને એકઠાં કર્યા, બ્રિટિશરોએ અલી બંધુઓને નિયંત્રણ હેઠળ લીધા પછી કેરળ ખાતે મોપલા મુસલમાનોએ ભયંકર નરસંહાર કર્યો. આ મોપલાઓએ કેવળ રમખાણો મચાવવાને બદલે સુનિયોજિત પદ્ધતિથી હિંદુઓનું સામુહિક હત્યાકાંડ કર્યું. આ રમખાણોમાં મુસલમાન મહિલાઓ પણ સહભાગી બની હતી. ખેદની બાબત એમ છે કે મોપલાઓએ કરેલા નરસંહાર માટે 'મુસલમાનોએ બ્રિટિશરોના વિરોધમાં ઉપાડેલી લડત' એવી નોંધ ઇતિહાસમાં કરવામાં આવી અને કેરળના પાઠ્યપુસ્તકોમાં પણ તેવી રીતે ભણાવવામાં આવ્યું; પણ હવે તે વિશેની વાસ્તવિકતા ઉજાગર થઈ રહી છે.

અન્નપૂર્ણા ફાઉંડેશનના અધ્યક્ષ શ્રી. બિનિલ સોમસુંદરમ્એ કહ્યું કે, 'મોપલા નરસંહારમાં છડેચોક હિંદુઓ પર અત્યાચાર કરવામાં આવ્યા. ઈસ્લામી સત્તાની સ્થાપના કરવા માટે આ રમખાણો કરવામાં આવ્યા હતા. મોપલા રમખાણોને ૧૦૦ વર્ષ પૂર્ણ થયા તે નિમિત્તે કેરળમાંના હિંદુઓએ સદર રમખાણોમાં જીવ ગુમાવેલા પૂર્વજોનું શ્રાદ્ધ કર્યું. તેમજ વિવિધ માધ્યમો દ્વારા જાગૃતિ કરવાનો પ્રયત્ન કર્યો. વર્ષ ૨૦૧૮થી શબરીમલા આંદોલનથી કેરળ ખાતે હિંદુ સમાજ કોઈપણ રાજકીય સમૂહ અથવા અન્ય કોઈનું પણ પીઠબળ ન હોવા છતાં હવે જાગૃત થયો છે.

હિંદુ જનજાગૃતિ સમિતિના રાષ્ટ્રીય પ્રવક્તા શ્રી. રમેશ શિંદેએ કહ્યું કે, આપણા દેશમાં ખોટો પ્રચાર કરવાનો પ્રયત્ન કરવામાં આવે છે. ગોધ્રા અને મુંબઈ ખાતે જ રમખાણો થયા, એવું કહેવામાં આવે છે. હિંદુઓ જ્યારે આક્રમણનો પ્રતિકાર કરે છે, ત્યારે હિંદુઓને 'આતંકવાદી' કહેવામાં આવે છે. વિદેશી ઇતિહાસકાર સ્ટેફન ડેલે 'મોપલા રમખાણ 'જેહાદ' હતો', એવું લખ્યું છે. ડૉ. આંબેડકરે પણ 'પાકિસ્તાન ઓર ધ પાર્ટિશન ઑફ ઈંડિયા' આ પુસ્તકમાં લખ્યું છે કે, મોપલા ખાતેના રમખાણો મુસલમાનોએ કર્યા. વર્ષ ૧૯૨૦માં ખિલાફત સમિતિની સ્થાપના પ્રથમ કેરળ ખાતેના મલબારમાં કરવામાં આવી, એવું પણ તેમણે કહ્યું હતું. બ્રિટીશ કાળના જિલ્લાધિકારી સી. ગોપાલન નાયરે પણ પોતાના પ્રાથમિક અહેવાલમાં મોપલા રમખાણોનું વર્ણન કર્યું છે. એમ હોવા છતાં પણ 'મોપલા રમખાણો'નો ઇતિહાસ છૂપાવવાનો પ્રયત્ન કરવામાં આવે છે, જેથી હિંદુ સમાજ હજી ભ્રમમાં રહે. હિંદુઓએ સાવચેત અને જાગૃત રહેવું જોઈએ.

# ગાંધીનગર જિલ્લામાં ડેન્ગ્યુ, મલેરિયાના કેસોમાં વધારો

ગાંધીનગર, તા.૨૩

કોરોનાની બીજી લહેર બાદ જિલ્લાના ગ્રામ્ય તેમજ શહેરી વિસ્તારમાં નીલ જેવી સ્થિતિ છે. જયારે તેની સરખામણીમાં વાહકજન્ય રોગચાળો બેકાબુ બન્યો હોય તેમ ખાનગી તેમજ સરકારી હોસ્પિટલ નોંધાતા કેસો પરથી લાગી રહ્યું છે.જિલ્લામાં અંદાજે ૩૦ ખાનગી લેબોરેટરીમાં પણ વાહકજન્ય રોગચાળાના ટેસ્ટીંગનું પ્રમાણ વધી જવા પામ્યું છે. ખાનગી એક લેબોરેટરીમાં દરરોજના મેલેરીયાના ૧૦, ડેન્ગ્યુના ૭ અને ચીકનગુનિયાના ૫ જેટલા રિપોર્ટ પોઝિટિવ આવી રહ્યા છે. જો આવી જ સ્થિતિ રહી તો આગામી સમયમાં જિલ્લામાં વાહકજન્ય રોગચાળાની સ્થિતિ બેકાબુ બની શકે છે.કોરોનાને કારણે સિવિલની દરરોજની ઓપીડી ૫૦૦થી ૭૦૦ની આસપાસ રહેતી હતી. પરંતુ હાલમાં મંદ પડેલા કોરોનાની સ્થિતિ અને વકરી રહેલી વાહકજન્ય રોગચાળાની સ્થિતિને પગલે સિવિલ હોસ્પિટલમાં દરરોજની ઓપીડીમાં ડબલ વધારો થવા પામ્યો છે. આથી સિવિલ હોસ્પિટલમાં દરરોજ ૧૦૦૦થી ૧૨૦૦ની ઓપીડી થાય છે .જિલ્લામાં મચ્છરજન્ય રોગચાળામાં આવેલા ઉછાળાને પગલે ઘરે ઘરે બિમારીના ખાટલા જેવી સ્થિતિ બની રહી છે. ઉપરાંત સિવિલ હોસ્પિટલમાં દરરોજ માત્ર મેડિસિન વિભાગમાં જ દરરોજ ૪૦૦ જેટલા દર્દીઓ સારવાર માટે આવી રહ્યા છે. તેમાં સૌથી વધુ દર્દીઓ તાવ, મેલેરીયા, ચીકનગુનિયા અને ડેન્ગ્યુના આવી રહ્યા છે. આથી સર્વેલન્સ કામગીરી સઘન કરવામાં આવે તેવી માંગ લોકોમાં ઉઠી રહી છે. છેલ્લા એકાદ મહિનાથી સતત વાદળછાયું વાતાવરણ અને છુટા છવાયા વરસાદી ઝાપટાને પગલે વાહકજન્ય રોગચાળો બેકાબુ બન્યો છે. જેને પરિણામે જિલ્લાના ગ્રામ્ય તેમજ શહેરી વિસ્તારોમાં ઘરે ઘરે બિમારીના ખાટલા જોવા મળી રહ્યા છે.

# રાજ્યસભાનાં સાંસદ શક્તિસિંહ ગોહિલનું ભાવનગર જિલ્લાના તળાજા તાલુકામાં ભવ્ય સ્વાગત

ન્યાય યાત્રા માં તળાજા આવી રહેલા કોંગ્રેસનાં વરિષ્ઠ આગેવાન સાંસદ શક્તિસિંહ ગોહિલ આજે તળાજા જઈ રહ્યા હતા,ત્યારે વેળાવદર,ત્રાપજ અને તળાજા માં ભવ્ય સ્વાગત કોંગ્રેસ દ્વારા કરવામાં આવ્યું હતું. ઘોડી ઉપર બેડમાડી વાજતે ગાજતે સ્વાગત અને સન્માન વ્યક્તિને શોભે તેવું બહુમાન તળાજા કોંગ્રેસ દ્વારા કરવામાં આવ્યું હતું.




રાજયસભા નાં સાંસદ બન્યા પછી,કોરોના નાં કારણે ખૂબ લાંબા સમયે શ્રી શક્તિસિંહ ગોહિલ નું ભાવનગરજિલ્લામાં આગમન એક નવી ઊર્જા અને કાર્યકર્તાઓ માં વિશ્વાસ નો નવો સંચાર કર્યો હતો. શક્તિ સિંહ ગોહીલે પોતાની માન વાચક શબ્દો નાં સથવારે ભાવવિભોર બની આવતા સ્વાગતા કરનારાઓ પ્રત્યે લાગણી વ્યક્ત કરી ને દેશ કે રાજ્ય ની રાજકીય સ્થિતિ અને ગતિવિધિ અંગે વિસ્તૃત ચર્ચા કરીને સૌ ને એક બની ૨૦૨૨ ની તૈયારી ચાલુ કરીને પ્રજાની પીડામાં ભાગ લઈ તેની સમસ્યાઓ નાં ઉકેલ માટે સૌ પ્રયત શિલ બનો,હવે ભાજપ ની વિદાઈ નક્કી છે..

સાત વર્ષના શાસનમાં મોદી સરકારે દેશને બેકારી, બેરોજગારી અને મહા મોંઘવારી ભેટ આપી છે.અધૂરામાં પૂરું ભ્રષ્ટાચાર મુક્ત શાસન ની વાત કરીને ભ્રષ્ટાચાર યુક્ત શાસન કર્યું છે. ખેડૂત અને ખેતી મુશ્કેલીમાં હોય, દેશ ભરના ખેડૂતો સરકાર સામે લાંબા સમયથી લડતા હોય,હવે શાસકો ને.પોતાના પાપ આંબી ગયા છે.સૌ એક બની સતત પ્રવાસ અને મહેનત કરી પરિવર્તન નાં કામે લાગે તેવી હાકલ કરી હતી...!!!

# ગાંધીનગર જિલ્લામાં વરસાદના કારણે વિકાસ કામો અટવાયા અને પ્રજા પરેશાન

ાંધીનગર, તા.૨૩

ગુજરાત સહિત ગાંધીનગર જિલ્લામાં ભારે વરસાદના કારણે ચારેકોર વરસાદી પાણી ભરાયાની માહિતી મળે છે અને સરકાર દ્વારા તેમજ તંત્ર ચારે બાજુ વિકાસ કામો કરી રહી છે તેમાં પણ અધવચ્ચે કામો પડી રહ્યા છે કારણ કે ચોમાસાના અતિભારે વરસાદના કારણ પાણી ભરાઈ જતાં કામો અટવાઈ ગયા છે એક બાજુ ગાંધીનગરમાં ગ-૪ પાસે બનાવવામાં આવનાર અન્ડરપાસના ખાડા ખોદી દેવામાં આવ્યા હતા કામ ચાલુ હતું ત્યાં ભારે વરસાદના કારણે આ ખાડામાં પાણી ભરાઈ જતાં કામ અટવાઈ ગયું હતું તેવી જ રીતે ચોમાસાની સિઝનમાં જ અહીં ચાલી રહેલી પાર્કિંગની કામગીરીથી પણ વેપારીઓ પરેશાન થઈ ગયા છે. કામગીરી માટે ખોદાયેલા ખાડા અને ક્યાંક યોગ્ય પુરાણના અભાવે લોકોને ભારે હાલાકી પડી રહી છે. ભારે હાલાકીઓ વચ્ચે અનેક ગ્રાહકો માર્કેટમાં આવવાનું ટાળી દે છે. જેને પગલે હવે તો વેપારીઓમાં પણ ચર્ચા છે કે વેપાર-ધંધા પર માઠી અસર બેસાડવામાં કોરોનાએ બાકી રાખેલી કસર કોર્પોરેશન તંત્રએ પૂરી કરી દીધી છે. સત્તા આગળ 'સત્તા આગળ શાણપણ નકામું' કહેવતને જોતા વેપારીઓ ગંદકી, ભરાતા પાણી, ખાડા, પાર્કિંગની કામગીરી સામે અવાજ નથી ઉઠાવી શકતા.

### ચિત્ર સ્પર્ધામાં ૦૮ થી ૧૩ વર્ષના બાળકો ભાગ લઈ શકશે

# અરવલ્લી જીલ્લામાં "નવરાત્રી (દશેરા)" વિષય પર ૨૧ ઓક્ટોબરના રોજ ચિત્રસ્પર્ધા યોજાશે

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ ગાંધીનગર હસ્તકની ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમી આયોજીત જિલ્લા રમતગમત કચેરી,અરવલ્લી સંચાલિત "નવરાત્રી (દશેરા)" વિષય પર ચિત્ર સ્પર્ધા યોજાશે.

હાલ કોવિડ-૧૯ મહામારીને ધ્યાને લેતા સોશિયલ ડિસ્ટન્સિંગને ધ્યાને લેતા ઉક્ત સ્પર્ધામાં ભાગ લેનાર તમામ સ્પર્ધકોએ છ૪ સાઈઝના (૮.૩"ટ ૧૧.૭") ડ્રોઈંગ પેપર પર પોતાની કૃતિ પોતાના ઘરે તૈયાર કરી તેને માઉન્ટીંગ કરાવ્યા બાદ જિલ્લા રમતગમત કચેરી ખાતે તા. ૧૮ ઓક્ટોબર ૨૦૨૧ સુધી બપોરે ૧૨:૦૦ કલાક સુધીમાં મોકલી આપવાના રહેશે.

આપની કૃતિ પાછળ સ્પર્ધકે પોતાનું નામ, સરનામું, મોબાઈલ નંબર, શાળાનું નામ વગેરે જેવી બાબતોનો ઉલ્લેખ કરવાનો રહેશે તેમજ આ કૃતિની સાથે સ્પર્ધકે ઉંમરના પુરાવા તરીકે (આધારકાર્ડ/જન્મ તારીખનો દાખલો) ની ઝેરોક્ષ અને બેંક ખાતાની પ્રથમ પાનાની ઝેરોક્ષ અચૂક જોડવાની રહેશે. આ સ્પર્ધામાં ૦૮ થી ૧૩(૩૧ ડિસેમ્બર ૨૦૦૮ થી ૩૧ ડિસેમ્બર ૨૦૨૧ સુધીના વચગાળાના બાળકો) વર્ષના બાળકો ભાગ લઇ શકશે. આ સ્પર્ધામાંથી ત્રણ ચિત્રની જિલ્લાકક્ષાએ પસંદગી થયા બાદ રાજ્યકક્ષાએ ચિત્રો મોકલવામાં આવશે.

રાજ્યકક્ષાની ચિત્ર સ્પર્ધા તા. ૨૮ ઓક્ટોબર ૨૦૨૧ના રોજ ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમી,રવિશંકર રાવલ કલાભવન,એલિસબ્રિજ,અમદાવાદ ખાતે આયોજન કરવામાં આવશે. આ સ્પર્ધાનો સમય ૧૧ થી ૫ કલાક સુધીનો રહેશે. જેમા સમગ્ર રાજ્યમાંથી આવેલા ચિત્રો પૈકી બેસ્ટ ૩૦ ચિત્રોના સ્પર્ધકોને રાજ્યકક્ષાની સ્પર્ધામાં સ્થળ પર ચિત્ર બનાવવાના રહેશે. જે પૈકી ૧૦ વિજેતા પસંદગી કરવામાં આવશે.

રાજ્યકક્ષાની ચિત્ર સ્પર્ધામાંથી ૧૦ વિજેતા કલાકારોની પસંદગી થશે. તેઓ પૈકી પ્રથમ વિજેતાને રૂ?.૨૫,૦૦૦/- દ્વિતીય વિજેતાને રૂ?.૧૫,૦૦૦/- અને તૃતીય વિજેતાને રૂ?.૧૦,૦૦૦/ એમ ત્રણ ઈનામો અને બાકીના અન્ય સાત વિજેતાઓને રૂ?.૫,૦૦૦/- (પ્રત્યેક) મુજબ આશ્વાસન ઈનામો આપવામાં આવશે. તમામ વિજેતાઓને ચિત્રકામ કીટ (ડ્રોઈંગ કીટ) આપવામાં આવશે.

જિલ્લાકક્ષા સ્પર્ધા માં કોઇ વ્યક્તિની મદદ વિના ચિત્ર દોરી તા. ૧૮ ઓક્ટોબર ૨૦૨૧ સુધી બપોરે ૧૨:૦૦ કલાક સુધીમાં જિલ્લા રમતગમત અધિકારીની કચેરી,બ્લોક નં.એ.એસ.૧૪ બીજો માળ, જિલ્લા સેવા સદન, શામળાજી રોડ, મોડાસા. અરવલ્લી ખાતે જિલ્લા રમતગમત અધિકારીને પહોંચતી કરવાની રહેશે. સ્પર્ધા અંગેના તમામ નિયમો કચેરીના બ્લોગ એડ્રેસ પરથી અને કચેરી પરથી મેળવી શકાશે. તેમ જિલ્લા રમત ગમત અધિકારીની એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું હતું.

### ગ્રીન કોરિડોર થી દર્દીઓને કઇ પ્રકારની અલાયદી સેવાઓ ઉપલબ્ધ થશે ?? આવો જાણીએ...

# રાજ્યની સરકારી હોસ્પિટલોમાં PMJAY-MA કાર્ડની સેવા માટે "ગ્રીન કોરિડોર" વ્યવસ્થાની નવતર પહેલ




રાજ્યના ગરીબ અને જરૂરિયાતંદ લાભાર્થીઓને આરોગ્ય સેવાઓ સરળતાથી અને નિ:શુલ્ક મળી રહે તે માટે PMJAY-MA કાર્ડના લાભથી લાભાન્વિત કરવા સરકાર દ્વારા ૧૦૦ દિવસ "આપ કે દ્વાર આયુષ્યમાન" મેગાડ્રાઇવ ચલાવવામાં આવશે.

આ મેગા ડ્રાઇવમાં રાજ્યના નગરો-મહાનગરો ઉપરાંત ગ્રામ્ય સ્તરે સી.એચ.સી. અને પી.એચ.સી. સેન્ટર ખાતે પણ નાગરિકોને PMJAY-MA કાઢી આપવામાં આવશે.

સરકારી હોસ્પિટલોમાં ૅસ્તછ૩-સ્છ કાર્ડ અંતર્ગત સ્વાસ્થય સેવાઓ સરળતાથી મળી રહે તે માટે ગ્રીન કોરિડોરની પણ વ્યવસ્થાઓ ઉભી કરવામાં આવનાર છે. જે અંતર્ગત હોસ્પિટલના પ્રવેશદ્વાર / ઓ.પી.ડી. ખાતે કિયોસ્ક હેલ્પ ડેસ્ક ફરજિયાત પણે કાર્યરત કરીને દર્દીઓને મુંઝવતા પ્રશ્નોના સ્થળ પર ત્વરાએ નિરાકરણ આવે તે માટેના પ્રયાસો હાથ ધરવામાં આવશે.

દરેક સરકારી હોસ્પિટલમાં આ યોજનાના લાભાર્થી માટે અલગ કેસબારી / અલગ રજીસ્ટ્રેશન સિસ્ટમ ઉભી કરવામાં આવશે. લાભાર્થીઓને હોસ્પિટલ ખાતેના પ્રવેશથી લઇ સારવાર બાબતે PMJAY-MA યોજનાને પ્રાધાન્યતા અપાય તથા વધુના વધુ લાભાર્થીઓ આ કાર્ડનો ઉપયોગ કરી શકે તે માટે ઓરાગ્ય મિત્ર (લાભાર્થી માર્ગદર્શક)ની નિમણૂક કરવામાં આવશે. આ આરોગ્ય મિત્ર દર્દી દાખલ થાય ત્યાર થી લઇ ડિસ્ચાર્જ થાય ત્યાં સુધી તેના સૂચારૂ વ્યવસ્થાપનની કામગીરી હાથ ધરાશે.

આ કાર્ડ અંતર્ગત લાભાર્થીઓને હોસ્પિટલમાં ઉપલબ્ધ તમામ સેવાઓ , સુવિધાઓ, દવાની બારી અથવા લેબોરેટરી તથા અન્ય જગ્યાઓએ પણ તાત્કાલિક સેવા મળી રહે તેવી અલાયદી વ્યવસ્થા ઉભી કરાશે.

અત્રે નોંધીનય બાબત છે કે, PMJAY-MA કાર્ડ યોજના અંતર્ગત મળતા નાણાનો સરકારી હોસ્પિટલ / દવાખાનાને સુદ્રઢ બનાવવામાં ઉપયોગ કરવામાં આવે છે. આ યોજના અંતર્ગત પ્રાપ્ત થતી સરકારી આવક થી ૨૫% ઇન્સેન્ટિવની રકમ હોસ્પિટલના તબીબો અને પેરામેડિકલ સ્ટાફની કામગીરીને પ્રોત્સાહિત કરવા ઉપયોગમાં લેવામાં આવે છે.

નાણાકીય વર્ષ ૨૦૨૦-૨૧ માં રાજ્યના ૩૩ જીલ્લાઓમાં ૨૪,૨૨૨ લાભાર્થીઓએ PMJAY-MA અંતર્ગત સારવાર મેળવી છે. જેમાં રાજ્ય સરકાર દ્વારા ૫૩.૩૭ કરોડ જેટલો ખર્ચ કરીને દર્દીઓને નિ:શૂલ્ક સારવાર ઉપલબ્ધ કરાવવામાં આવી છે. વિગતે જોઇએ તો અમદાવાદ જિલ્લામાં ૧૬,૨૪૬ દર્દીઓને ૩૮.૪૩ કરોડ, રાજકોટમાં ૨,૨૧૩ દર્દીઓને ૩.૨૨ કરોડ, પાટણમાં ૬૮૨ દર્દીઓને ૧.૩૯ કરોડ અને વડોદરામાં ૫૧૬ દર્દીઓને ૮૧ લાખના ખર્ચે વિવિધ પ્રકારની આરોગ્યને લગતી સારવાર PMJAY-MA યોજના હેઠળ ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

અમિતસિંહ ચૌહાણ

# કથરોટા માધ્યમિક શાળાના ચાર વિદ્યાર્થી હઓ રૂરલ આઇ ટી.કવીઝ માં રાજ્ય લેવલે સિલેક્ટ થયા




૧ -સોલંકી ખુશિત
૨-શિવમ ભારથી
૩ -ચૌહાણ અંકિતા
૪ -ચૌહાણ એકતા

આ બાળકોને ડબલ રાષ્ટ્રપતિ એવોર્ડ વિજેતા સાયન્સ શિક્ષક બળદેવપરી સાહેબ માર્ગદર્શન આપી તૈયારી કરાવી હતી

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી ,ડિપાર્ટમેન્ટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી ગુજરાત સરકાર પ્રસ્થાપિત બ્રહ્મચારી

ભગવતીનંદજી એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિ બ્રહ્માનંદજી જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર જૂનાગઢ,જિલ્લા શિક્ષણાધિકારી ની કચેરી જૂનાગઢ તથા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી ની કચેરી જૂનાગઢ ના સંયુક્ત ઉપક્રમે નેશનલ રૂરલ આઈ.ટી.ક્વિઝ ૨૦૨૧ નું આયોજન કરવા માં આવેલ હતું જે ભારત સરકાર ના વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રાયલ તથા ટાટા કંટલટલસી બેંગ્લોર દ્વારા સમગ્ર ભારત દેશ માં છેલ્લા ૧૫ વર્ષ થી આ કાર્યક્રમ અમલમાં મુકવામાં આવેલ છે આ ચાલુ વર્ષે પણ તેમ નું આયોજન ઓનલાઈન ના માધ્યમ થયું હતું

આ કોવિડ૧૯ કોરોના કાળમાં બાળકોને વિજ્ઞાન અને ટેકનોલોજી તથા ઈન્ફોર્મેશન ટેકનોલોજી માં વધુ જાગૃત થાય તેવા હેતુ થી આ કવિઝ રમાડવા માં આવે છે જેમા ધોરણ ૮ થી ૧૨ સુધી ના વિધાર્થીઓ ભાગ લઈ શકે છે જેમાં શાળા કક્ષાએ આ કવિઝ રમાડી અને શ્રેષ્ઠ ૪ વિધાર્થીઓનું રજીટ્રેશન અહીં આપેલ લિંક માં કરવાનું હોય જેમાં જુનાગઢ જિલ્લા માં કુલ ૨૧૦ વિદ્યાર્થીઓનું રજીસ્ટ્રેશન કરવામાં આવેલું હતું. કથરોટા માધ્યમિક શાળાના ચાર બાળકો ઓનલાઈન ક્વીઝ સફળ થયા છે તે હવે રાજ્યકક્ષાએ રમ છે. જેમાં ૬ બાળકો નું સિલેકશન થશે ત્યાર બાદ ૧ બાળક પસંદ થશે . બાળકોને સમગ્ર સ્ટાફ પરિવાર વતી આગળ પણ સફળ થવા માટે શુભકામના આપવામાં આવી

અહેવાલ જીગ્નેશ પટેલ માણાવદર

### તસ્કરોએ સ્મશાનને પણ ન છોડ્યું

# ભિલોડાના લીલછા ગામના સ્મશાનગૃહની સગડી ચોરનાર ગોવિંદનગરના ત્રણ ચોરને દબોચતી પોલીસ

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

કોરોના સંક્રમણ પછી બેરોજગારીમાં નોંધપાત્ર વધારો થયો છે અનેક બેકારીનો ભોગ બનેલ યુવાનો ચોરીના રવાડે ચઢી ગયા છે અને ચોરીની ઘટનાઓ સતત વધી રહી છે ભિલોડા તાલુકાના લીલછા ગામે આવેલ સ્મશાનગૃહમાંથી તસ્કરો લોંખડની સગડીની એંગલો ચોરી જતા સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી હતી હવે તસ્કરો સ્મશાનમાં રહેલી લોંખડની સગડી પણ નહીં છોડતા તસ્કર ટોળકી સામે રોષ ફેલાયો હતો ભિલોડા પોલીસે લીલછા ગામના સરપંચની ફરિયાદના આધારે ફરિયાદ નોંધી તસ્કર ટોળકીને ગણતરીના કલાકોમાં દબોચી લીધી હતી





ભિલોડાના લીલછા ગામે સ્મશાનગૃહમાંથી સગડી ચોરી થતા ભિલોડા પીઆઈ મનીષ વસાવા અને તેમની ટીમે સ્મશાનગૃહમાંથી લોંખડની સગડી ચોરી કરનાર તસ્કરોને ઝડપી પાડવા બાતમીદારોને સક્રીય કરી ૧)અજય કાંતિ વાઘરી,૨) રાજુ અમૃત બજાણીયા અને ૩)સુરેશ સના વાઘરીને દબોચી લઇ જેલના સળિયા પાછળ ધકેલી દીધા હતા ભિલોડા પોલીસે ચોરી કરેલ લોંખડની સગડી રીકવર કરી હતી

ૅદ્બર્મેઠ :- ધનસુરા પોલીસે એસકે-૨ પીવાના પાણીની પાઈપલાઈનના વાલ્વ ચોરી કરનાર જીગર કોટવાળને દબોચ્યો

ધનસુરા પીએસઆઈ બી.એસ.ચૌહાણ અને તેમની ટીમે શીકા કોલવડા ગામની સીમમાંથી પસાર થતી એસકે-૨ યોજના અંતર્ગત નાખેલ પીવાના પાણીની પાઈપલાઈનમાં લગાવેલ ૧૩ એરવાલની ચોરી કરનાર રહિયોલના જીગર કાળાભાઈ કોટવાળને ઝડપી પાડી રૂ.૨૩૫૦૦/-નો મુદ્દામાલ રિકવર કરી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

# માણાવદરના રોહન ઠાકરે ઉદયપુર ખાતે રાષ્ટ્રીયકક્ષાના ચિત્ર પ્રદર્શનમાં ભાગ લીધો



રાજસ્થાનના ઉદયપુરમાં બાગોરે કી હવેલી ખાતે આર્ટ શો યોજાયો હતો તેમાં માણાવદરના રોહન ઠાકરે ઉદયપુર ખાતે રાષ્ટ્રીય કક્ષાના ચિત્ર પ્રદર્શનમાં ભાગ લીધો હતો તે સમય દરમ્યાન રોહને વીર મહારાણા પ્રતાપના વંશજો તેમજ ભારતના મશહુર શાહી પરિવારના અરવિંદસિંહ મેવાર તેમજ તેમના પુત્ર લક્ષ્યરાજસિંહ મેવાર સાથે મુલાકાત લીધી હતી. રોહનની કલાથી પ્રભાવિત થઈને રોહને શાહી ભોજન તેમજ શાહી જીવનશૈલીની સાથે મુલાકાત પ્રમાણપત્ર આપીને સન્માન કર્યું હતું તેમજ ઉદયપુરના પ્રવાસ દરમિયાન રોહને રાજસ્થાનના પ્રખ્યાત જાદુગર આંચલ કુમાવત તેમજ ઉદયપુરના ડીવાયએસપી ચેતના ભટ્ટી સાથે મુલાકાત કરી હતી

રીપોર્ટર જીગ્નેશ પટેલ માણાવદર

### જીલ્લામાં 'આઝાદી કા અમૃત મહોત્સવ કાર્યક્રમ' અંતર્ગત

# રાષ્ટ્રીય એકતા દિવસલ્લની થીમ પર ચિલ્ડ્રન પેઈન્ટિંગ વર્કશોપ યોજાશે

**વિદ્યાર્થીઓ માટે ૨૪ ઓક્ટોબર થી ૩૧ ઓક્ટોબર વર્કશોપનું દૈનિક બે કલાક માટેનું આયોજન કરાશે**


મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ, ગાંધીનગર હસ્તકની ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમી,અમદાવાદ દ્વારા આયોજિત તથા જિલ્લા રમતગમત અધિકારીની કચેરી અરવલ્લી દ્વારા સંચાલિત ભારતની આઝાદીના ૭૫ વર્ષ અંતર્ગત 'આઝાદી કા અમૃત મહોત્સવ' કાર્યક્રમ અન્વયે 'રાષ્ટ્રીય એકતા દિવસ'ની થીમ પર ચિલ્ડ્રન પેઈન્ટિંગ વર્કશોપ યોજાશે.

જે અંતર્ગત આ વર્કશોપનો હેતુ બાળકો 'રાષ્ટ્રીય એકતા દિવસ' વિષે જાણે તથા બાળકોની ચિત્રકલામાં રૂચી વિકસે અને તેઓને ચિત્રકલાના વિવિધ માધ્યમોની જાણકારી મળે અને આ હેતુને ધ્યાને લઈ તા.૨૪ ઓક્ટોબર ૨૦૨૧ થી ૩૧ ઓક્ટોબર ૨૦૨૧ દરમ્યાન ધોરણ ૦૬ થી ૧૦માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ માટે આ વર્કશોપનું દૈનિક બે કલાક માટેનું આયોજન કરાશે.

વર્કશોપનું સ્થળ તથા સમય નક્કી થયેથી કચેરી દ્વારા જાણ કરવામાં આવશે. અરવલ્લી જિલ્લામાંથી ભાગ લેવા ઈચ્છુક વિદ્યાર્થીઓએ એક સાદી અરજીમાં પોતાનું નામ, સરનામું, જન્મતારીખ, વ્હોટ્સએપ મોબાઈલ નંબર, ધોરણ, સ્કૂલ તથા આધારકાર્ડ નંબર લખી. ઉક્ત વિગત સાથે આધારકાર્ડનો સ્પષ્ટ ફોટો જિલ્લા રમતગમત અધિકારીના ઈમેલ આઈડી :dsoaravalli05@gmail.com પર તા. ૦૯ઓક્ટોબર ૨૦૨૧ સુધી મોકલી આપવી એમ એક અખબારી યાદીમાં અરવલ્લી જિલ્લા રમતગમત અધિકારીશ્રી દ્વારા જણાવવામાં આવેલ છે.

ગુજરાતી ભાષાશાસ્ત્રની વિલુપ્ત થતી
વિદ્વતપ્રજાતિના એક વધુ તેજસ્વી અભ્યાસી
યોગેન્દ્ર વ્યાસનું અવસાન.
આ ઘટના દુ:ખદ છે કારણકે...




# માલપુરના ગ્રામ્ય વિસ્તારમાં રેવન્યુ તલાટીનો અરજદાર પાસે ૭ હજાર રૂપિયા વારસાઈ નોંધ માટે માંગ્યા ઓડીયો લીક

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

અરવલ્લી-સાબરકાંઠા જીલ્લામાં ભ્રષ્ટાચારની બદીએ માજા મૂકી છે મોટા ભાગની સરકારી કચેરીઓમાં અધિકારીઓ અને કર્મચારીઓ સરકારી કામકાજ માટે જતા અરજદાર પાસેથી એનકેન પ્રકારે રૂપિયા પડાવી ખિસ્સા ગરમ કરી રહ્યા છે. ગ્રામ્ય વિસ્તારોમાં ફરજ બજાવતા કેટલાક ભ્રષ્ટાચારી તલાટી ગરીબ પ્રજાને સરકારી કામકાજ માટે નાણાં લઇ ખંખેરી રહ્યા છે ત્યારે માલપુર તાલુકાના એક ગ્રામ્ય વિસ્તારમાં વારસાઈની નોંધ પડાવવા માટે અરજદાર પાસે રેવન્યુ તલાટીએ શરમ નેવે મૂકી ૭ હજાર રૂપિયાની માંગ કરતો ઓડિયો સોશ્યલ મીડિયામાં વાયરલ થતા ભારે ચકચાર મચી છે ત્યારે જીલ્લા કલેકટર માલપુરના ગ્રામ્ય વિસ્તારમાં સેજો ધરાવતા ભ્રષ્ટાચારી રેવન્યુ તલાટીના વાયરલ થયેલા ઓડિયો અંગે તપાસ કરાવી શખ્ત કાર્યવાહી કરે તેવી લોક માંગ પ્રબળ બની છે અમે વાયરલ ઓડિયો અંગે પુષ્ટી કરતા નથી

ગુરુવારે માલપુર તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં રેવન્યુ તલાટી તરીકે ફરજ બજાવતા એક ભ્રષ્ટ તલાટીનો અરજદાર પાસે વારસાઈ નોંધના ૭ હજાર રૂપિયા માંગતો ઓડિયો વાયરલ થતા વહીવટી તંત્રમાં હડકંપ મચ્યો છે વાયરલ થયેલા ઓડિયોમાં અરજદાર તલાટીને બાઈકનું પંચર થયું હોવાથી વાર લાગશે તેમ જણાવી રહ્યો છે ત્યારે તલાટીને જાણે ભ્રષ્ટાચારની તલબ લાગી હોય તેમ અરજદારને સામે કેટલી વાર લાગશે તેમ જણાવી રહ્યો છે અરજદાર ૭ હજારના બદલે ૪ હજાર રૂપિયાનું સેટીગ થયું હોવાનું જણાવતા તલાટી તમે ઓફિસે રૂબરૂ આવો અને સિક્કો તો મરાવો અને પછી મળીએ છીએ ની વાર્તાલાપનો ઓડિયો વાયરલ થયો છે હાલ ઓડિયો વાયરલ થતા રેવન્યુ તલાટી ભૂગર્ભમાં ઉતરી ગયો છે સમગ્ર જીલ્લામાં ગરીબોને ખંખેરનાર રેવન્યુ તલાટી કોણ તે અંગે તરહ તરહની ચર્ચાએ જોર ૫ કડ્યું છે

### બોટાદગામની દીકરી ઓ જેમના લગ્ન

# અમદાવાદ માં થયાં હોઈ એવી નાની -મોટી ઉંમરની બેહનો નું મોટા પાયે ઉત્સાહ ભર્યુ સખી સ્નેહ મિલન..



તા:-૨૨-૯-૨૦૨૧, બુધવાર ના રોજ અમદાવાદ વૈષ્ણવદેવી પાસે આવેલ ×મઢુલી રેસ્ટોરન્ટમાં×એક સ્નેહ -મિલન યોજાયુ જેમાં બીન્દીયાબેન, તેમજ હીનાબેન તથા ઘણી બધી બેહનો એ આ આયોજન માં પોતાનો મહત્વ નો સમય આપી ચાર ચાંદ લગાડ્યા....બોટાદ ગામ નુ નામ જ એક કવિ ઉપર છે કવિશ્રી દામોદરદાસ ખુશાલદાસ બોટાદકર તેમજ મહાત્મા ગાંધીજી એ રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી નું બિરુદ આપેલ તેમની કર્મભુમી પણ બોટાદ છે...... બોટાદ ગામ કાઠિયાવાડ માં આવેલ એટલે માયાળુ તો હોવાના જ... ×આપણા મલક માં માયાળું માનવી ×આ ગીત ને સાર્થક કર્યું બોટાદની બેહનો એ..........શરૂઆત એક મોબાઈલ ગ્રુપ થી થઈ બિંદિયાબેન તેમજ એમની સેહલીઓ ના પ્રસ્તાવ થી ગ્રુપ માં એક મિલન માટે નો દ્વજપ્ન ફોરવર્ડ કર્યો કે તરત જ ઉત્સાહ ભેર બધી બેનો આ મિલન માં પોતાની હાજરી ની મંજૂરી આપતી ગઈ અને જોત જોતા માં ૧૨૦ બેહનો આવી વરસાદ ની સીઝન માં ભેગી થઈ..... કોરાના પછી આ મોટુ મિલન જેમાં બધાએ ખુબ જ આનંદ કર્યો, સુખ દુઃખ ની વાતો કરી, ઘણી બેહનો ૫૦થી ઉપર હતા તો પણ બચપન યાદ કરી મન થી નાચ્યાં, રમ્યા મજા કરી....૧૨૦ બેહનો વચ્ચે ની આ પાર્ટી માં ગમ્મત ની સાથે રમત કરી સ્પેશ્યલ ડ્રેસ કોડ પણ હતો, બધાએ સાથે ભોજન પણ કર્યું ... આ ગ્રુપ ના એડમીન બિંદિયાબેન ઘણા સમય થી મોબાઈલ માં એક ગ્રુપ ચલાવે છે જેનું નામ જ સુંદર છે...બોટાદ થી અમદાવાદ.... એમની લાગણી અને મળતાવડા સ્વભાવ થી એક પછી એક બધા જોડાતા ગયા....×હમ ચલતે ગએ ઓર કારવા બનતા ગયા ×..... , ×હમ સાથ સાથ હૈ ×આ વાક્ય ને સાર્થક કરનાર પવિત્ર જન્મભૂમિ એવી બોટાદગામ ની દીકરી ઓને પ્રણામ......આ વખતના સ્નેહ મિલન માં ઘણી બેહનો કોઈ કારણસર નથી આવી શકી એ બધી બેહનો ગ્રુપ ના આવા સુંદર ફોટા જોઈ અફસોસ વ્યક્ત કરતા કહે છે કે ફરી સ્નેહ મિલનમાં ૧૨૦નહિ ૨૦૦ બેહનો ભેગી થઈશું જેમના લગ્ન અમદાવાદ માં થયાં છે..... બાકી રહ્યું તો આનંદ ની વાત એ છે કે નેક્સ્ટ સ્નેહમિલન માં ગુજરાત ના અલગ અલગ જગ્યા એ થી તેમજ મુંબઈ પરણી ને ગઈ હોઈ એવી બધી દીકરી ઓ ભેગી થશે...સલામ છે બોટાદગામ ની દીકરીઓ ને...

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

CYMK